**સુવિચાર**
પવિત્ર અને નીતિવાળો પુરૂષ હંમેશા પોતાની જાત ઉપર કાબૂ ધરાવતો હોય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૦૯/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ ભાદરવા સુદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૨૩૮

## જિલ્લાનાં મુખ્ય મથક ખાતે જાહેર માર્ગો પર પાણી ફરી વળ્યા

# અમરેલી, ખાંભા, ધારી સહિતનાં વિસ્તારોમાં વરસાદ

**અર્ધાથી લઈને ૨ ઈંચ સુધી વરસાદ પડતા મુરઝાતી મૌલાતને ફાયદો**

**જો કે અનેક ખેડૂતોએ તૈયાર થયેલ પાક ઉપર વરસાદથી નુકસાની થવાનું જણાવ્યું**

**ખાંભા પંથકમાં સતત પાંચમાં દિવસે વરસાદ પડતા ઠંડક પ્રસરી**

**ધારી ખાંભા તેમજ અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ પડયાની વિગતો મળી રહી છે**





અમરેલી, તા. ૨૬
અમરેલી જિલ્લામાં આજે સતત વરસાદી માહોલ સર્જાયો છે. ત્યારે અમરેલી, ખાંભા, ધારી સહિતનાં વિસ્તારોમાં હળવા ઝાંપટાથી લઈ ૨ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. અમરેલી શહેરમાં પડેલા અનરાધાર વરસાદનાં કારણે મુખ્ય બજારો ઉપર પાણી વહી ગયા હતા.

ખાંભા તાલુકામાં આ છેલ્લા રાઉન્ડમાં સતત પાંચમાં દિવસે કડાકાભડાકા સાથે વરસાદ પડયો હતો. ઉપરાંત ખાંભા તાલુકાનાં ગીરનાં તાતણીયા, લાસા, ઉમરીયા, નાનુડી, ભાડ, નાના વિસાવદર, પીપળવા, રાયડી, મોટા સરાકડીયા, કોદીયા, ભાવરડી, ચતુરી સહિતનાં ગામોમાં અંદાજે ૨ થી ૩ ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો. ભારે વરસાદનાં કારણે મોટા સરાકડીયા ગામનો ચેકડેમ છલકાયો હતો જયારે પીપળવા ગામની ધાતરવડી નદીમાં પણ ઘોડાપુર આવ્યો હતું. આમ ગીરકાંઠાનાં

અનુસંધાન પાના ૬ ઉપર

### લાઠી નજીક આવેલ

## અકાળા ગામે પથરીની બીમારીનાં કારણે ચકકર આવતા પરિણીતાનું મોત

અમરેલી, તા. ૨૬
લાઠી તાલુકાનાં અકાળા ગામે રહેતી મીનાબેન શૈલેષભાઈ ભીલ નામની ૩૦ વર્ષિય પરિણીતાને છેલ્લા ચાર વર્ષથી પેટમાં પથરીની બીમારી હોય અને જેથી પથરીની કારણે પેટમાં સખત દુઃખાવો થતાં તેણીને ચકકર આવતા પડી જવાનાં કારણે અમરેલી સરકારી દવાખાને ખસેડાયેલ. જયાં તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયાનું લાઠી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### રાજુલા નજીક આવેલ

## પટવા ગામની સીમમાં માલઢોર ચરાવતા આધેડને ઝાડા-ઉલ્ટી થઈ જતાં મોત

**પ્રથમ વાંગર અને વધુ સારવાર માટે મહુવા ખસેડાયા હતા**

અમરેલી, તા. ૨૬
મહુવા તાલુકાનાં ડોળીયા ગામે રહેતા રમેશભાઈ બોઘાભાઈ ચૌહાણ નામનાં ૪૭ વર્ષિય આધેડ ગત તા. ૨૧નાં રોજ રાજુલા તાલુકાનાં પટવા ગામની સીમમાં ગયેલ હતા અને ત્યાંથી ઘરે આવતા આધેડને અચાનક ઝાડા-ઉલ્ટી થવા લાગતા તેમને પ્રથમ વાંગર ગામે અને વધુ સારવાર માટે મહુવા દવાખાને સારવાર માટે ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું મરીન પિપાવાવ પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### લાઠી નજીક આવેલ

## દામનગર શહેરમાંથી રત્ન કલાકારની પુત્રીનું વિધર્મી યુવક દ્વારા અપહરણ

અમરેલી, તા. ૨૬
દામનગર ગામે રહેતા એક રત્ન કલાકારની ૨૪ વર્ષિય યુવતીને તેજ ગામે રહેતો નદીમ પીરભાઈ મલેક નામનો ઈસમ ગત તા. ૨૪નાં રોજ યેનકેન પ્રકારે લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ ગયાની ફરિયાદ દામનગર પોલીસમાં નોંધાતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

**જોઈએ છે**
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
વિચારો ગમે તેટલા જાગૃત અને ઉંચા હોય પણ જયાં સુધી તેનો અમલ ના થાય ત્યાં સુધી તેની કોઇ કિંમત નથી
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

## અમરેલીના મણીનગર નજીક જુગાર રમતા ૪ પત્તાપ્રેમ ઝડપાયા



અમરેલી, તા. ૨૬
અમરેલી સીટી પોલીસ સ્ટેશનનો સ્ટાફ ગત રાત્રીના ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય ત્યારે અમરેલી, મણીનગર પાસે પહોંચતા તેઓને ખાનગી બાતમી મળેલ કે અમરેલી, મણીનગર બાગ જોહરા સોસાયટી તરફ જવાના રોડ પર કેટલાક ઈસમો કુંડાળુ વાળી સ્ટ્રીટ લાઈટનો અંજવાળે ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમી રહેલ છે. જેવી હકિકત મળતા તુર્તજ સ્ટાફના માણસોને હકિકતની સમજ કરી બાતમી વાળી જગ્યાએ જતા જાહેરમાં કેટલાક ઈસમો ગોળ કુંડાળુ વળી જુગાર રમતાં હોય, તેઓ પોલીસને જોઈ ભાગવાનો પ્રયત્ન

અનુસંધાન પાના ૬ ઉપર

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

### એસ.પી.ની સૂચનાથી સ્થાનિક પોલીસ ટીમની કામગીરી

## ધારીના આંબરડી ગામ નજીક લુંટની ઘટનાનાં 3 આરોપીઓને ગણતરી કલાકોમાં ઝડપી લેવાયા

**કેરીયાચાડનાં એક અને ચલાલા બે વ્યકિતઓની અટકાયત**



ધારી, તા. ૨૬
ધારી નજીક આવેલ પ્રેમપરામાં રહેતા અને ખેતી તથા સાડી વર્કનું કામ કરતાં ઠાકરશીભાઈ ભીમજીભાઈ વઘાસીયા નામના આધેડ ગત તા.૨૩ના ધારીથી પોતાની મોટર સાયકલ લઈને ધારી તાલુકાના આંબરડી ગામ તરફ જતા હોય તે દરમ્યાન ગળધરા તથા આંબરડી ગામ તરફ જવાના રસ્તાની ચોકડીએથી આંબરડી ગામ તરફ જતા રસ્તે ૧૦૦ મીટર દૂર પહોંચતા ત્રણ અજાણ્યા માણસો બે મોટરસાયકલ નંબર પ્લેટ વગરના કાળા કલરના મોટર સાયકલ સાથે ઉભા હતા જે આ ત્રણેય અજાણ્યા માણસોએ ઠાકરશીભાઈ વઘાસીયાની મોટરસાયકલને ઉભી રખાવી મોટરસાયકલમાથી ચાવી કાઢી પ્રથમ માણસે આધેડને જેમ ફાવે તેમ ગાળો આપી શર્ટ ફાડી નાખી જાનથી મારી

અનુસંધાન પાના ૬ ઉપર

એઈમ્સ હોસ્પિટલ
અમરેલી
આયુષ્માન યોજના અંતર્ગત મળતા લાભ સાથેની સારવાર રાબેતા મુજબ ચાલુ છે
એઈમ્સ હોસ્પિટલમાં એન્જીયોગ્રાફિ, એન્જિયોપ્લાસ્ટી વગેરે ઓપરેશન માટે આયુષ્માન કાર્ડ અવિરત પણે ચાલુ છે.
અમુક અસામાજિક તત્વો દ્વારા જે લોકોને ખોટા ભ્રમિત કરે તેવા સમાચાર ફેલાવામાં આવ્યા, તે તદ્દન ખોટા છે
એઈમ્સ હોસ્પિટલ, સીટી પોઈન્ટ પાછળ, બસ સ્ટેન્ડની સામે, અમરેલી

## સરપંચ અને ગામજનોની માંગ ન હોવા છતાં
# સાવરકુંડલાનાં જાબાળ ગામનાં તલાટી મંત્રીની બદલી કરી દેવાઈ
### ભાજપનાં આગેવાનનાં ઈશારે બદલી થયાનો સરપંચનો આક્ષેપ

સાવરકુંડલા, તા. ૨૬

હાલમાં સાવરકુંડલા જાબાળ ગામે તલાટી કમ મંત્રી તરીકે ચાર્જમાં મનોજભાઈ લાઠવા હતા તેમની સરપંચ અને ગ્રામજનોની ફરિયાદ ન હોવા છતાં તેમની બદલી ભાજપના રાજકીય આગેવાનોની સુચનાથી કરવામાં આવી છે. કારણ કે જાબાળ ગામમાં સરપંચ તરીકે કાઠી દરબાર હોય અને ગ્રામ પંચાયતની ખુબ સારી કામગીરી ગ્રામ પંચાયત કરતી હોય જે ભાજપના નેતા અને આગેવાનો જોઈ ન શકતા બદલી કરાવીને જાબાળ ગ્રામ પંચાયતનો વહીવટ અટકાવવી અને સરપંચ કામો ના કરી શકે તે માટે જિલ્લાના ચુંટાયેલ ભાજપના નેતા દ્વારા



ડી.ડી.ઓ. અને ટી.ડી.ઓ.ને ટેલીફોનીક સુચના આપી મંત્રી બદલવાના કહેલ. જેથી અધિકારીઓ દ્વારા નિયમ નજીકના મંત્રીને ચાર્જ આપવાની જગ્યાએ ૩૦ કી.મી. દુરના મંત્રીને ચાર્જ જાબાળનો આપેલ. નિયમ મુજબ બાજુના પંચાયત કાયમી મંત્રીને ચાર્જ આપવાનો હોય પરંતુ અધિકારી સરકારના ઠરાવો અને નિયમોને બાજુમાં રાખી ભાજપના નેતા સામે સારા થવા ગમે તે ઓર્ડર કરી આપે છે. જેથી સરકારે કરેલ નિયુકત અધિકારીને નિયમો સાથે કંઈ લેવા દેવા ન હોય તેમ અમરેલી જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં ચાલી રહ્યું છે અને દરબારો સરપંચ હોય ત્યાં ખાસ મંત્રીને મોકલી ગામમાં પોતાનું મહત્વ કેમ ઘટે તેવું અમરેલી જીલ્લામાં ચાલી રહ્યું છે. તેવી યાદી સરપંચ જયદીપભાઈ ખુમાણે આપી છે.

## સાવરકુંડલાનાં કેવડાપરામાં
# રામદેવપીરનાં આખ્યાનની ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા ખાતે કેવડા પરા વિસ્તારમાં ગોપી મંડળ દ્વારા ભાદરવા સુદ અગિયારસના દિવસે રામદેવપીરનું આખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જય ખોડીયાર રામામંડળ દ્વારા આ આયોજન ખૂબ જ સરસ રીતે સનાતન ધર્મના નેજાધારી રામદેવપીરની ધાર્મિક પ્રસંગિક લોકોના જીવનમાં વિશ્વાસ પ્રેરણાત્મક વાતો જીવનમાં ઉતરે સમાજના જાહેર જીવનના મૂલ્યો જળવાઈ રહે તે હેતુ આ ઉજવણીકરવામાં આવેલ.

## સ્થાનિક રહેવાસીઓની સમસ્યા વિકરાળ બની
# જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં આવેલ ખુલ્લી ગટરનું રીપેરીંગ કરો
### પાલિકાના શાસકો ગંભીરતા દાખવે

જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદના સામાકાંઠા વિસ્તાર બાલકૃષ્ણ સોસાયટીમાં આવેલ આરસીસી રોડ ઉપરની બાજુમાં આવેલ ભૂગર્ભ ગટર ખુલ્લી હાલતમાં હોય આ ગટર કોઈ બાળક રમતું રમતું પડી જાય તો જવાબદારી કોની ? આ ખુલ્લી ગટર માટે ત્યાંના દુકાન ધારકોએ મૌખિક રજુઆત પરંતુ કોઈપણ નગરપાલિકાના જવાબદાર લોકો આ ખુલ્લી ગટર જોવા કે ડોકાવા પણ આવતા નથી, તો શું કોઈ ઘટના બનશે ત્યારે જોવા આવશે ? હાલ માછીમારીની સીઝન ચાલું હોય રાત મધરાતે લોકોની અવરજવર હોય બાળકો, વૃદ્ધો તથા મહિલાઓની આ રોડથી અવરજવર ચાલુ હોય અને રહેણાંક વાળો વિસ્તાર હોય અને આ ખુલ્લી ગટર કોઈનું રાહદારીઓનું મોતનું કારણ બને તો જવાબદારી કોની ? બાલકૃષ્ણ સોસાયટી આરસીસી રોડ આજુબાજુ માં દુકાનો આવેલ હોય ત્યાં નાના ભૂલકાઓ દુકાને ખરીદી માટે જતા હોય ત્યાં બાજુમાં જ ખુલ્લું મોત હોય કોઈ નાનું બાળક તે ખુલ્લી ગટરમાં પડી જાય અને કોઈ એવો બનાવ બન્યો તો જવાબદારી કોની ? આ સોસાયટીમાં મોટા પાયે રહેણાંક



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

મકાનો આવેલ હોય આ રોડ ઉપરથી અસંખ્ય લોકોની અવરજવર હોય અમુક કારણોસર લાઈટ જતી રહી હોય અને આ ખુલ્લી ગટર કોઈ મુસાફરનો ચલતા ચલતા પગ ગળી જાય અને ભાંગી જાય તથા ફેકચર થાય તો જવાબદારી કોની ? આ બાબતે જાગૃત લોકો દ્વારા પણ રજુઆત કરવામાં છતાં નગરપાલિકાના દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા હોય આ ખુલ્લી ગટરનો શિકાર ન બને તે પહેલા નગરપાલિકા ધ્યાન આપશે ? નગરપાલિકામાં સામાન્ય નાગરિકની રજુઆત મૌખિક ફરિયાદ ગંભીરતાથી લેવાતી નથી પણ છતી આંખે દેખાતી જાહેર ગંભીરતા સામે નગરપાલિકા કેમ ગંભીર બનતી નથી ? શું કોઈ દુર્ઘટના ઘટે ત્યારે જાગશે ? આ રોડથી મોટા પાયે મોટરસાયકલની અવર જવર હોય રોડની બાજુમાં જ ખુલ્લું મોત હોય ને કોઈ મોટરસાયકલ ચાલકનું ગંભીર અકસ્માત થાય તો જવાબદાર કોન ? આ બાબતે વહીવટી તંત્રમાં જો માનવતા જાગે તો આ અંગે કડક અને અસરકારક પગલાં ભરે તેવી ત્યાંના રહીશોની માગણી છે.

આ ખુલ્લી ગટરને લીધે કોઈ અનહોની ના ઘટે તે પહેલા જાફરાબાદ પાલિકા અસરકારક કામગીરી કરશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે.

## ''સ્વચ્છતા હી સેવા'' એક તારીખ, એક કલાક
# અમરેલી જિલ્લામાં આગામી રવિવારે સવારે ૧૦ વાગ્યાથી એક કલાક માટે મહાશ્રમદાન પ્રવૃત્તિઓનું આયોજન

અમરેલી, તા. ૨૬

ભારત સરકારના પેયજલ અને સ્વચ્છતા વિભાગ દ્વારા દર વર્ષે ૧૫ મી સપ્ટેમ્બરથી ૧૫ મી ઓકટોબર સુધી સમગ્ર દેશમાં ''સ્વચ્છતા હી સેવા'' ઝુંબેશ ચાલે છે. આ ''સ્વચ્છતા હી સેવા'' માસની ઉજવણી અન્વયે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ૧ ઓકટોબર ૨૦૨૩ના દિવસે દેશના તમામ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જનપ્રતિનીધિઓની આગેવાની હેઠળ ''એક તારીખ, એક કલાક'' સુત્ર સાથે મહાશ્રમદાન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યુ છે. જે અન્વયે અમરેલી જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન અન્વયે અમરેલી જિલ્લાના ૧૧ તાલુકામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરેલ છે.

''એક તારીખ, એક કલાક'' અન્વયે મહાશ્રમદાન પ્રવૃત્તિઓનું સમગ્ર આયોજન ૧ ઓકટોબર, ૨૦૨૩ ના રોજ સવારે ૧૦ વાગ્યાથી એક કલાક કરવામાં આવશે.

''સ્વચ્છતા હી સેવા–૨૦૨૩'' નો મુખ્ય ઉદેશ્ય કચરા મુકત ગુજરાત અને કચરા મુકત ભારત છે. જેને સાકાર કરવા ગ્રામ્ય કક્ષાએ લોકો જાગૃત બને તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગામડાઓમાં જાહેર સ્વચ્છતા, કચરો એકઠો થતી જગ્યાની સફાઈ, લોકો ઘરેથી જ ભીનો અને સુકો કચરો અલગ કરે તે બાબતે જનજાગૃતિ, સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ અને દંડની જોગવાઈ, પ્રવાહી કચરાના નિકાલ માટે ભુગર્ભ ગટરની સફાઈ, ખાડા ખાબોચિયાનો નિકાલ, દવાનો



છંટકાવ, જળાશયો અને નદી નજીકના વિસ્તારોની સફાઈ, સોકપીટનું બાંધકામ વિગેરે જેવી પ્રવૃત્તિ કરવા તેમજ સ્વસહાય જુથની બહેનોએ પણ આ કાર્યક્રમમાં જોડાઈ શ્રમદાન આપેલ. સાથે સાથે ગામના સરપંચ, તકમ, આગેવાનો, ગ્રામજનોએ પણ ગામને સાચા અર્થમાં મોડેલ બનાવવા લોકોને સ્વૈચ્છિક રીતે શ્રમદાન કરી સ્વચ્છતાનું મહત્વ અને મુલ્ય સમજાવી ગામ સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ બનાવવા અર્થે આગળ આવવા ઝુંબેશ હાથ ઘરેલ છે. આ કાર્યક્રમમાં ભારત સરકારના પોર્ટલ પર સફાઈ અભિયાન કરવામાં આવનાર ઈવેન્ટ અને સ્થળ ની વિગત અપલોડ કરવા કાર્યક્રમની તમામ દેખરેખ અને તેનું સઘન મોનીટરીંગ થાય તે માટે નોડલ અધિકારી તેમજ કન્ટ્રોલરૂમની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં સાંસદ, ધારાસભ્યો, જિલ્લા અને તાલુકા પંચાયતોના પ્રમુખો અને સભ્યો, સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો તેમજ જિલ્લા અને તાલુકાના ઉચ્ચ અધિકારીઓની પ્રેરક જે તે ગ્રામ પંચાયતમાં અનુકુળતા મુજબ ઉપસ્થિતિ રહેશે. ૧ લી ઓકટોબર કાર્યક્રમમાં જિલ્લાની તમામ જાહેર જનતાને સ્વચ્છતા માટેની મહાશ્રમદાન પ્રવૃત્તિઓમાં સહભાગી બની સ્વૈચ્છિક રીતે જોડાવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આહવાન કરવામાં આવે છે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# વીજપડી ખાતે ભાજપ દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંયતીએ ભાવાંજલિ કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા તાલુકાનાં વિજપડી ગામે ભારતીય જનતા પાર્ટી દ્વારા એકાત્મ મનવવાદ અને અંત્યોદયનાં પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મ જયંતી નિમિતે પુષ્પાંજલિ અર્પણ કરવાનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અને આ તકે પ્રદેશ યુવા ભાજપનાં કારોબારી સદસ્ય વિજયજી ચાવડા, જિલ્લા ભાજપનાં ઉપપ્રમુખ હરેશભાઈ ભુવા, સરપંચ ભરતભાઈ ગિગૈયા, દુલાભાઈ કલસરિયા, પ્રફુલભાઈ નગદીયા, હકાભાઈ ગુજવાડીયા, બાલાભાઈ જોગરાણા, અલ્પેશભાઈ મકવાણા, અનકભાઈ ખુમાણ, નાગજીભાઈ કલસરિયા, મહાવીરભાઈ ચાવડા, પી.ડી. મકવાણા, શંભુભાઈ ગુર્જર, મિતુલ ગોંડલીયા, મયુર મકવાણા, પાસાભાઈ ચાવડા, કાળુભાઈ, નરેશભાઈ મકવાણા, દીલાભાઈ મકવાણા, ગૌરાંગ રબારી, ભાવેશભાઈ વાળા સહિતનાં કાર્યકરો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

## ઇમલાની જાહેર હરરાજી

વડીયા–કુંકાવાવ તાલુકાના ખજૂરી પીપળીયા ગામે ગ્રામ પંચાયત હસ્તકનાં આંબેડકર હોલ જર્જરીત હોય જેના ઈમલાની જાહેર હરરાજી કરવાની હોય જેથી રસ ધરાવતી પાર્ટીએ નીચે જણાવેલ સ્થળે અને તારીખે, સમયે હાજર રહેવું.

**તારીખ : ૦૪/૧૦/૨૦૨૩, બુધવાર.**
**સમય : સવારે ૧૧:૦૦ કલાકે**
**સ્થળ : ખજુરી પીપળીયા ગ્રામ પંચાયત કચેરી**
**મુ. ખજુરી પીપળીયા, તા. વડીયા–કુંકાવાવ, જી. અમરેલી.**

**સરપંચ : હરજીભાઈ મગનભાઈ કોલડીયા**
**મો.નં.૯૯૧૩૭૮૯૬૬૪**
ગ્રામ પંચાયત કચેરી ખજુરી પીપળીયા
તા. વડીયા–કુંકાવાવ, જી. અમરેલી.

## ''સ્વચ્છતા હી સેવા'' ઝૂંબેશની ઉજવણી
# અમરેલી જિલ્લામાં શરૂ થયેલ સફાઈ અભિયાનમાં જનતાની સ્વૈચ્છિક ભાગીદારી જરૂરી
### જાહેર જનતાને જોડાવવા વહીવટી તંત્રનું આહ્‌વાન

અમરેલી, તા. ૨૬

ભારત સરકારના પેયજલ અને સ્વચ્છતા વિભાગ દ્વારા દર વર્ષે ૧૫ મી સપ્ટેમ્બરથી ૧૫ મી ઓકટોબર સુધી સમગ્ર દેશમાં ''સ્વચ્છતા હી સેવા'' ઝુંબેશ ચાલે છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારના લોકો બહોળા પ્રમાણમાં સ્વૈચ્છિક રીતે જોડાઈ મહાત્માં ગાંધીજીના ''સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા'' ના સંદેશને સાકાર કરી જાહેર સુખાકારી વધારવા સ્વચ્છતા સાથે સ્વસ્થતા જાળવવા લોકોએ આગેકુચ કરી છે.

''સ્વચ્છતા હી સેવા–૨૦૨૩'' નો મુખ્ય ઉદેશ્ય કચરા મુકત ગુજરાત અને કચરા મુકત ભારત છે. જેને સાકાર કરવા ગ્રામ્ય કક્ષાએ લોકો જાગૃત બને તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં ગામડાઓમાં જાહેર સ્વચ્છતા, કચરો એકઠો થતી જગ્યાની સફાઈ, લોકો ઘરેથી જ ભીનો અને સુકો કચરો અલગ કરે તે બાબતે જનજાગૃતિ, સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ અને દંડની જોગવાઈ, પ્રવાહી કચરાના નિકાલ માટે ભુગર્ભ ગટરની સફાઈ, ખાડા ખાબોચિયાનો નિકાલ, દવાનો છંટકાવ, જળાશયો અને નદી નજીકના



વિસ્તારોની સફાઈ, સોકપીટનું બાંધકામ વિગેરે જેવી પ્રવૃત્તિ કરવા તેમજ સ્વસહાય જુથની બહેનોએ પણ આ કાર્યક્રમમાં જોડાઈ શ્રમદાન આપેલ. સાથે સાથે ગામના સરપંચ, તકમ, આગેવાનો, ગ્રામજનોએ પણ ગામને સાચા અર્થમાં મોડેલ બનાવવા લોકોને સ્વૈચ્છિક રીતે શ્રમદાન કરી સ્વચ્છતાનું મહત્વ અને મુલ્ય સમજાવી ગામ સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ બનાવવા અર્થે આગળ આવવા ઝુંબેશ હાથ ઘરેલ છે. આ કાર્યક્રમ ૧૫ મી ઓકટોબર સુધી ચાલનાર હોય જેમાં આગામી દિવસોમાં પણ આવી જ પ્રવૃત્તિઓ થાય અને બહોળા પ્રમાણમાં લોકો જોડાઈ તે બાબતે જાહેર જનતાને સ્વૈચ્છિક રીતે જોડાવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આહવાન કરવામાં આવે છે.

# લીલીયા મોટા : ગ્રામ્યલક્ષ્મી બચત અને ધિરાણ મંડળીની સાધારણ સભા યોજાઈ









લીલીયા મોટા ગ્રામ્યલક્ષ્મી બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી. જલારામ મંદીર ખાતે ૨૯ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ પુર્વ ધારાસભ્ય હનુભાઈ વી.ધોરાજીયા (ભાભા) ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ વાર્ષિક સાધારણ સભા દીપ પ્રાગટય કરી સૌ પ્રથમ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં જન્મ દીવસની આમંત્રીત મહેમાનોનાં વરદ હસ્તે કેક કાપી ઉજવણી કરવામાં આવેલ આ તકે ઉપસ્થિત મુખ્ય મહેમાન હનુભાભા ધોરાજીયા, ભીખાઈ ધોરાજીયા (માજી ધારા સભ્ય) જી.પ.સદસ્ય કેતનભાઈ ઢાંકેચા, જીજ્ઞેશભાઈ સાવજ તાલુકા પ્રમુખ મહામંત્ર, કાનજીભાઈ નાકરાણી તા.પ.પ્રમુખ ગૌતમભાઈ વીછીયા, પ્રતીનીધી નટુભાઈ સોજીત્રા અમરેલી નગરપાલિકા પુર્વસદસ્ય, ખોડાભાઈ માલવીયા, વિનુભાઈ મકાણી, મગનભાઈ વિરાણી, એમ.ડી.કેડીટ સો.લીલીયા, બાબુભાઈ ધામત પુર્વ સરપંચ તેમજ ભરતભાઈ શેખલીયા પ્રમુખ કેણીટલ કેટીટ સો.કમલેશભાઈ અગ્રાવત, અરજણભાઈ ધામત, પરીનભાઈ સોની પ્રમુખ વેપારી એસોશીયેશનનું મંડળીનાં ચેરમેન જયેશભાઈ એલ.જોબનપુત્રા, વાઈસ ચેરમેન હરેશભાઈ એન.સેજપાલ, ડીરેકટર હીતેષભાઈ જે.કારીયા, રસીકભાઈ જે. વંદ્રા, ભરતભાઈ ડી.જોષી, વાલજીભાઈ જી માંડણકા, જયેશભાલ એમ.મહેતા, હીમતભાઈ એમ. શીંગાળા, તમામ બોર્ડ ઓફ ડીરેકટરઓએ આમંત્રીત મહેમાનોનું પુષ્પગુચ દ્વારા સ્વાગત કરેલ કરવામાં આવેલ. મંડળીનો વાર્ષિક અહેવાલ રજુ કરતા મંડળીના એમ.ડી. દીનેશભાઈ એચ. ભટ્ટએ જણાવેલ કે આપણી આ મંડળી છેલ્લા ૨૯ વર્ષથી કાર્યરત સંસ્થાએ ગત નાણાકીય વર્ષનું નફાનુકશાન સરવૈયું રજુ કરતા જણાવેલ કે સંસ્થાની સભાસદ સંખ્યા ૨૨૨૩, શેરભંડોળ–૨.૩૧ કરોડ, સભાસદ થાપણો ડીણોજી રૂા.૮.૭૦ કરોડ, સભાસદ ધીરાણ ૧૦.૩૨ કરોડ,૦ ટકા એન.પી.એ.સાથે નાણાકીય વર્ષ અંતે સભાસદો થાપણદારોનાં સહકાર સહયોગથી ૩૧ માર્ચ વર્ષ અંતે રૂા. ૫૫૯૦૧૫૮.૫૩ નો સારો એવો નફો હાસીલ કરેલ છે. લીલીયા તાલુકા ક્ષેત્રે ૨૯ વર્ષથી કાર્યરત સંસ્થા સભાસદોનાં હીત ધ્યાને લઈ વ્યાજરીબેટ, વેલ્ફેરફંડ (મૃત્યુ સહાય) દર વર્ષ સભાસદોને આકર્ષક ગીફટ તેમજ ૧૦ ટકા ડીવીડન્ડ સાથે સભાસદોનું સન્માન કરતી આપણી આ સંસ્થા અવીરત અવનવી સવલતો આપી સભાસદોને સાસાયટી પ્રત્યેના વિશ્વાસ જાળવી રાખેલ છે. આ મંડળી હજુ પણ વધુ કાર્યશીલ અને અસરકારક રહે તે હેતુથી સભાસદોની સેવામાં છેલ્લા ૪ વર્ષથી અમરેલી શાળા ઉતરોતર પ્રગતીની હરણફાળ ભરી રહેલ છે. ત્યારે આ તકે અમરેલી શાખા એડ. બોર્ડ મેમ્બર હીરેનભાઈ બી. સોજીત્રા, ઉપેન્દ્રભાઈ એમ.નાગેચા, સંજયભાઈ એમ. મહેતા, નીતીનભાઈ એચ. ખીમાણી, દલસુખભાઈ જે.સાવલીયા, મલયભાઈ એમ.પટેલ, ગોપાલભાઈ જી.ભટ્ટ તેમજ સમગ્ર સંચાલકોની સમગ્ર ટીમ હંમેશા તત્તર રહે છે. સોસાયટીનું સંચાલન હજુ પણ કાર્યશીલ એન વધુમા વધુ સભાસદોને મંડળી દ્વારા વધુમાં વધુ સુવિધાઓ પુરી પાડવામાં તત્પર સભાસદોના મંઢળી તેમજ સભાસદોના હીતમાં સુચનો આવકાર્ય સુચનો ધ્યાને લઈ આ સાથે આગામી દીવસોમાં મંડળી દ્વારા દામનગર શાખા ખોલવાનું નકકી કરવામાં આવશે. ટુક સમયમાં દામનગર ખાતે મંડળીની શાખા શરૂ કરવામાં આવશે. મંડળીમાં સભાસદ ડીપો છેલ્લા ૫ વર્ષથી સ્વીકારવાનું બંધ હોય જે તા. ૧/૧૦/૨૦૨૩ મંડળી દ્વારા આકર્ષક અને ઉચા વ્યાનાં દરો સાથે સીનીયર સીટીજન એફ.ડી. સ્વીકારવાનું માં આવશે. સભાસદ થાપણ દારોનાં નાણાનું સુરક્ષીત રોકાણ સાથે મુકેલ નાણાનું યોગ્ય વળતર મળી રહે એ હેતુ સર થાપણો સ્વીકારવામાં આવશે. આ સાથે મંડળીનાં સભાસદોને ભેટ વિતરણ તેમજ તા. ૧/૧૦૪૨૦૨૩ થી ડીવીડન્ડ વિતરણ શરૂ કરવામાં આવશે. તો તમામ સભાસદએ મંડળીની ઓફીસેથી ભેટ તેમજ ડી.વી.મેળવી લેવા જણાવેલ છે. આ સાથે સાધારણસભાની વ્યવસ્થા તેમજ સુંદર આજનાં આ કાર્યક્રમને આયોજનમાં મંડળીના કર્મચારી અમીતભાઈ વી. જોષી, દીપકભાઈ બી.દવે, બ્રાન્ચ મેનેજર અમરેલી શાખા, મહેશભાઈ દવે, નીરવભાઈ જોબનપુત્રા, મલયભાઈ પાટડીયા, મનીષભાઈ દવે, મહેશભાઈ જોબનપુત્રાએ આયોજન બધ્ધ કામગીરી પુરી પાડેલ તેમની આ કામગીરીને બીરદાવેલ અંતમાં સભાસદોએ ૨૯ વર્ષથી આ મંડળી ઉપર મુકેલ વિશ્વાસ બદલ સૌ સભાસદોને ધન્યવાદ પાઠવેલ આ વિશ્વસ જળવાઈ રહે તે માટે તમામ બોર્ડ ઓફ ડીરેકટર પ્રયત્નશીલ રહેશે.

## સત્તાધારી પક્ષનાં ધારાસભ્ય મહેશ કસવાલાની ઉર્જામંત્રીને ફરિયાદ

# સાવરકુંડલા પંથકમાં ટ્રાન્સફોર્મર બદલવામાં નિયમોની ઐસીતૈસી

**નિયત સમય મર્યાદામાં ટ્રાન્સફોર્મર બદલવામાં આવતા નથી અને બદલવામાં આવે તો બંધ અથવા ખરાબ ટીસી લાગે છે**

**કોન્ટ્રાકટર દ્વારા અધિકારીઓ સાથે મિલીભગત રચવામાં આવતી હોય ખેડૂતો પરેશાન થાય છે**

**બંધ અથવા તો ખરાબ ટીસી લગાવીને પીજીવીસીએલને મોટી નુકસાની અપાતી હોવાનો આક્ષેપ**

**બેઈમાન કોન્ટ્રાકટર અને ભ્રષ્ટ અધિકારી વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ**

અમરેલી, તા. ૨૬

લીલીયા ભાજપનાં આગેવાન વિપુલ દુધાતે તેના વિસ્તારમાં દારૂનું દુષણ ચાલતું હોય બંધ કરવાની માંગ કર્યા બાદ સાવરકુંડલા સત્તાધારી પક્ષનાં ધારાસભ્ય મહેશ કસવાલાએ ઉર્જામંત્રીને પત્ર પાઠવીને ટ્રાન્સફોર્મર કૌભાંડની ફરિયાદ કરતાં ભારે ચકચાર મચી છે.



ધારાસભ્યએ ઉર્જામંત્રીને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, સાવરકુંડલા વિધાનસભા મત વિસ્તારનાં પ્રવાસ દરમ્યાન તેમજ કચેરીમાં આવતી ખેડૂતો ધ્વારા મળેલ રજૂઆત મુજબ વીજ કંપનીના ખેતીવાડી વિસ્તારના વીજ કનેકશન ધરાવતા ખેડૂતોના ટ્રાન્સર્ફોમર (ટીસી) બળી જાય અથવા બંધ થાય તેવા સંજોગોમાં નિયમ મુજબ સમય મર્યાદામાં ટ્રાન્સફોર્મર (ટીસી) બદલવામાં આવતા નથી અને જો બદલવામાં આવે તો બંધ અથવા ખરાબ ટીસી મુકવામાં આવે છે અને ગ્રાહકની રજૂઆત થતાં બીજુ ટ્રાન્સફોર્મર (ટીસી) બદલવામાં આવે તે પણ બંધ અથવા રિપેર કર્યા વગરનું. થોડા સમય ચાલે તેવા મુકવામાં આવે છે.

આમ સમગ્ર બાબતે કોન્ટ્રાકટર ધ્વારા બંધ ટીસી મુકી અવારનવાર બદલી તેના રિપેરીંગ અંગેના બીલો મુકી અધિકારીઓ સાથે સાંઠગાંઠ કરી કોન્ટ્રાકટર ધ્વારા વીજ કંપનીને આર્થિક નુકશાન કરતા હોવાની અમોને અનેક રજૂઆત મળેલ છે. તો આ બાબતે ખેડૂતોના ટ્રાન્સફોર્મર (ટીસી) ખરાબ થાય તો તાત્કાલીક સારી કન્ડીશનના અને ચાલુ હાલતના ટ્રાન્સફોર્મર મુકવા જેથી કરીને ખેડૂતોને સમયસર વીજ પુરવઠો મળી રહે અને કંપનીને ખોટું આર્થિક નુકસાન નિવારી શકાય. તો આ બાબતે બિનજરૂરી ટ્રાન્સફોર્મર બદલી અને ખોટા બીલ રિપેરીંગના બનાવી કંપનીને આર્થિક નુકસાન કરતા કોન્ટ્રાકટરો તેમજ અધિકારીઓ સામે તપાસ કરી તાત્કાલીક નિયમાનુસાર પગલા લેવા અને આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ બંધ કરાવવા અંતમાં માંગ કરેલ છે.

## ૧૯૪૭ થી ૨૦૨૩ સુધીના પ્રમુખની વિગતો


# સાવરકુંડલા પાલિકાના પ્રમુખપદે સૌથી વધુ કાર્યકાળ નવિનચંદ્ર રવાણીનો રહ્યો

**સૌથી વધુ વણિક–૬ વખત પ્રમુખપદ નિભાવ્યું**

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલાની પ્રથમ બોડી ૧૯૪૭માં રચાઈ. સૌ પ્રથમ પ્રમુખ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, દુર્લભજી માણેકચંદ વકીલ, જે ૧૯૪૯ સુધી પ્રમુખ પદે રહ્યા ત્યાર બાદ તે સમયનાં પ્રખર ચૂસ્ત ગાંધીવાદી વિચારસરણીને વરેલા લલ્લુભાઈ મોતીચંદ શેઠ ૧૯૪૯ થી ૧૯૫૩ સુધી પ્રમુખ રહ્યાં હતાં.

ત્યારબાદ તે સમયનાં તેજીલા તોખાર જેવાં તરવરિયા યુવાન, જીરો માંથી હિરો એટલે નવીનચંદ્ર રવાણી ૧૯૫૩ થી છેક ૧૯૭૨ સુધી એટલે કે સળંગ ૨૦ વરસો સુધી પ્રમુખ રહ્યાં હતા, જે હજી



સુધીનો રેકોર્ડ છે. પછી ૧૯૭૨ થી ૭૬ ભાનુંશંકર ત્રીવેદી અને ત્યારબાદ રામજીભાઈ પટેલ, ચંદુભાઈ મહેતા, બાબુભાઈ પટેલ, મનુભાઈ મહેતા, ઓઘડભાઈ ભરવાડ, યુનુસભાઈ મલેક, કાંતાબેન ગોત, મુકતાબેન વિરાણી, વિજયાબેન રામાણીરાજુભાઈ દોશી, કેશુભાઈ વાઘેલા, દુર્લભજીભાઈ જયાની, કુંદનબેન અઢિયા, વિપુલભાઈ ઉનાવા, તૃપ્તિબેન દોશી, સૌથી ઓછો સમય ૨૭ જાન્યુ ૧૯૯૯ થી ૧૯ એપ્રિલ ૧૯૯૯ સુધી મનુભાઈ મહેતા પ્રમુખ પદ પર રહ્યાં હતા.

પરંતુ તેઓ અગાઉ જાન્યુ. ૧૯૯૫ થી જાન્યુ ૧૯૯૬ એક વર્ષ પ્રમુખ રહી ચુકેલા. જ્ઞાતિ મુજબ નજર નાંખીએ તો... વણિક ૬, પટેલ ૬, બ્રાહ્મણ ૩, લોહાણા ૨, ભરવાડ, મુસ્લીમ, કોળી, મુસ્લિમ, એસ.સી.માંથી એક–એક પ્રમુખપદે રહી ચુકયા છે અને વર્તમાન પ્રમુખ પણ બ્રાહ્મણ જ્ઞાતિમાં થી જ આવે છે એટલે તે બ્રાહ્મણ સમાજનાં ચોથા પ્રતિનિધી તરીકે હાલ અધ્યક્ષ પદે છે.

## નાગેશ્રી પોલીસ સ્ટેશનનાં

# હેમાળ ગામે જુગાર રમતા ૮ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**રૂપિયા ૨૪૨૦૦નાં મુદ્દામાલ કબ્જે**



અમરેલી, તા. ૨૬

નાગેશ્રી પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેકટર પી.વી. પલાસની સુચનાથી નાગેશ્રી પોલીસ સ્ટાફ દ્વારા તા. ૨૬ના શરૂ રાત્રીના સમયે બાતમી મળેલ કે હેમાળ ગામે જાહેર જગ્યામાં પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા આરોપી જાફરાબાદ તાલુકાના હેમાળ ગામે રહેતા ગોપાલભાઈ ગોવિંદભાઈ બારૈયા સહિત આઠ ઈસમોને રોકડા રૂપિયા રૂ.૨૪,૨૭૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી તમામ આરોપીઓ વિરૂધ્ધ જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરેલ છે.

## સાવરકુંડલા શહેરની ઘટના

# સમાજનાં નાના–મોટા પ્રશ્નોનું સમાધાન કરાવતા યુવકને છરીનો ઘા મારી ઈજા

અમરેલી, તા. ૨૬

સાવરકુંડલા ગામે દાસીજીવણ સોસાયટીમાં રહેતા કિશનભાઈ મનુભાઈ સોસા નામનાં ૨૫ વર્ષિય યુવક તેમના સમાજનાં નાના–મોટા પ્રશ્નોમાં સમાધાન કરાવતા હોય. જે સામાવાળા મુકેશભાઈ સાર્દુળભાઈ રાઠોડ સહિતનાને ગમતું ન હોય. તે વાતનું મનદુઃખ રાખી શાંતિભાઈ જસુભાઈ વેગડે છરીનો એક ઘા યુવકને મારતા કપાળનાં ભાગે ૪ ટાંકા આવેલ તથા અન્ય લોકો ઢીકાપાટુનો માર, ગાળો આપી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## નાયબ દંડક કૌશિક વેકરિયાની રજૂઆતથી

# અમરેલીનાં હાઉસિંગ બોર્ડનાં ૪૮ મકાનોનું રીનોવેશન કરવામાં આવશે

**રહેવાસીઓની વર્ષો જુની માંગ પૂર્ણ થતાં હાશકારો**

અમરેલી, તા. ૨૬

અમરેલી શહેરના હાર્દસમાં વિસ્તાર સ્ટેશન રોડ પર આવેલ અને ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા વર્ષો પહેલા બનાવવામાં આવેલ એમ.આઈ.જી. પ્રકારના આવાસો ખૂબ જર્જરિત અને જોખમી બની ગયેલ. લાંબા સમયથી આ આવાસોના ધારકોની માંગણી હતી કે આ સ્કીમમાં રિડેવલોપમેન્ટમાં લઈ જઈને નવા આવાસોનું બાંધકામ થાય. આ બાબતની રજૂઆત અમરેલીના ધારાસભ્યને કરવામાં આવતા આ બાબતે રજૂઆત કરતા આ સ્કીમનો રિડેવલપમેન્ટ પ્લાન મંજૂર થતા રૂપિયા સાડા પાંચ કરોડના ખર્ચે નવા આવાસો બનશે અને આવાસધારકોની લાંબા સમયની માંગણી સંતોષાશે. રિડેવલપમેન્ટની આ સ્કીમનું ટેન્ડર પણ બહાર પડી ગયેલ હોય, આગામી દિવસોમાં આ આવાસનું બાંધકામ પૂર્ણ થશે. ગુજરાત હાઉસિંગ બોર્ડ સોસાયટીના રહીશો તેમજ ૪૮ એમઆઈજીના પ્રમુખ તેમજ રેખાબેન શિંગાળા તેમજ તેમની કમિટીના સભ્યો અને વોર્ડ નંબર ૩ના સભ્યો તથા પીન્ટુભાઈ દ્વારા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાને રજૂઆત કરવામા આવેલ. જેનું સુખદ નિરાકરણ થતાં અને લોકોની માંગણી સરકાર દ્વારા સંતોષવામાં આવતા ૪૮ એમઆઈજી સોસાયટીના પ્રમુખ તેમજ તમામ રહીશો દ્વારા કૌશિકભાઈનો આભાર માનવામાં આવેલ છે.


■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

મકાન વેચવાનું છે
જેમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન, મોટી બાલ્કની, પાણી માટે દાર તેમજ જરૂરી ફર્નિચર સાથેનું તમામ સગવડતાવાળુ કોર્નરનું મકાન વેચવાનું છે.
હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટી-૧, અમરેલી.
સંપર્ક : ૯૭૧૪૧ ૧૧૧૫૩

તક ને તેડા ના હોય...
નવા વર્ષના પંચાંગ આવી ગયેલ છે.
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ ડોલ (૨૫ લી.) ■ પાટલો ■ ટમ્બલર ■ સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
અન્ય જગ્યાએથી લીધેલા કે જુના કાનના મશીન ઉપર ખાસ Exchange ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪















### આયુષ્યમાન ભવઃ ઉજવણી અંતર્ગત

# નાના માચીયાળા ખાતે NCD અને સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

### શેડૂભાર આરોગ્ય કેન્દ્ર દ્વારા આયોજન



અમરેલી, તા.૨૬

ગુજરાત સરકાર દ્વારા હાલમાં ચાલી રહેલ આયુષ્યમાન ભવઃ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ છે.

જે અંતર્ગત તાલુકા હેલ્થ ઓફિસર ડો.આર.કે.સિન્હા તથા પ્રા.આ.કેન્દ્રના મેડીકલ ઓફિસર પ્રિયાંક ધોળકિયા આયુષ મેડીકલ ઓફિસર બોરીચાના પ્રયત્નથી ગુજરાત સરકાર દ્વારા આયુષ્યમાન ભવઃ ઉજવણી નિમિતે નાના માચિયાળા ગામે એનસીડી કેમ્પ તા.૨૩/૯/૨૦૨૩ ના રોજ તેમજ સર્વ રોગ નિદાન કેમ્પ તા.૨૬/૯/૨૦૨૩ ના રોજ યોજવામાં આવેલ હતા.

જેમાં નાના માચિયાળા ગામનાં હાયપર ટેન્શન તેમજ ડાયાબીટીના દર્દીઓની તપાસ કરવામાં આવેલ તેમજ જરૂરી દવાઓ વિતરણ કરવામાં આવેલ અને જરૂરીયાત મુજબનાં દર્દીઓને હાયર સેન્ટરમાં રીફર કરવામાં આવેલ હતા. અને સર્વરોગ નિદાન કેમ્પમાં શાંતા બા મેડીકલ કોલેજનાં ડોકટર મારફત તપાસ કરવામાં આવેલ અને ગામના દર્દીઓની તપાસ કરેલ અને સારવાર આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ગામનાં તાલુકા પંચાયતનાં પુર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ તેમજ સરપંચ વનરાજભાઈ ડાંગર અને ઉપ સરપંચ બલભદ્રભાઈ કોઠીવાળ અને ગામનાં આગેવાનો મારફત પુરતો સહયોગ આપવામાં આવેલ હતો. જે ગામનાં આરોગ્ય કાર્યકર હર્શલભાઈ હડિયા તેમજ કેયુરભાઈ મારૂની યાદીમાં જણાવેલ છે.

ઉપરોકત કેમ્પમાં કેમ્પને સફળ બનાવવા ગામનાં ફી.હે.વ.અને આશા બહેનો મારફત ભારે જહેમત ઉઠાવી હતી.

# વઢેરા પ્રાથમિક શાળામાં ઉપચારાત્મક શિક્ષણનો કેમ્પ યોજાયો



જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદ તાલુકાની શ્રી વઢેરા પ્રાથમિક શાળામાં પીએનઆર સોસાયટી – ભાવનગર અને ડીસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન – અમરેલીનાં સંયુકત ઉપક્રમે જાફરાબાદ તાલુકાની શ્રી વઢેરા પ્રાથમિક શાળામાં ધીમા શીખનાર અને શીખવાની અક્ષમતા ધરાવતા બાળકો માટે ઉપચારાત્મક શિક્ષણનો કેમ્પ તા. ૨૬/૦૯/૨૦૨૩ ને મંગળવારે રાખવામાં આવેલ. આ કેમ્પમાં શ્રી જીજ્ઞેશ પારેખ ઓ.એસ., શ્રી પુનમ વસા, શ્રી શ્રદ્ધા શાહ, શ્રી પટોરીયા દિવ્યા, સ્પેશિયલ એજયુકેટર (આરસીઆઇ) કાઉન્સેલર ટીમ પીએનઆર સોસાયટી–ભાવનગર તથા અનિ પરમાર ફિલ્ડ સુપરવાઈઝરે સેવા આપી હતી. જેમાં શાળાનાં ૯૬ જેટલા વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન અને ગણનમાં રહેલ કચાશ માટે ઉપચારાત્મક શિક્ષણ આપવામાં આવેલ. આ સરાહનીય કાર્યને જાફરાબાદ તાલુકા પંચાયત પ્રમુખ બાલાભાઈ કોટડીયા, સરપંચ લખમણભાઈ સાંખટ, એસ.એમ. સી. અધ્યક્ષ હમીરભાઈ કોટડીયા દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### 'સહકારથી સમૃદ્ધિ' સંમેલનમાં

# અમરેલી ખાતે 'નેશનલ એવોર્ડ' માટે ડો. કેતન કાનપરિયાનું સન્માન



અમરેલી, તા.૨૬

ઈફકો તથા એનસીયુઆ ના ચેરમેન, સહાકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણીનાં માર્ગદર્શનમાં 'સહકારથી સમૃદ્ધિ' સંમેલન તથા અમેરલી જિલ્લાની સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભાનું અમર ડેરી ખાતે તા.૨૪/૯/૨૦૨૩ રવિવારનાં રોજ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભારત સરકારનાં કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરશોતમભાઈ રૂપાલા, ગુજરાતનાં રાજય કક્ષાનાં શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા, ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક તથા અમરેલીનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, અમરેલીનાં સાંસદ નારણભાઈ કાછડિયા, જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરિયા, અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ ભરતભાઈ સુતરિયા, અમરેલી જિલ્લા પંચાયતનાં ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, લીલીયા– સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, રાજુલા–જાફરાબાદનાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, લાઠી બાબરાનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, ઠક્કરબાપા નગર, નગર અમદાવાદના ધારાસભ્ય શ્રીમતિ કંચનબેન રાદડિયા, અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, અમર ડેરીનાં વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, ઈફકોનાં ડાયરેકટર ભાવેશભાઈ રાદડિયા, અમરેલી જિલ્લાનાં સહકારી સંઘનાં પ્રમુખ મનીષભાઈ સંઘાણી, જિલ્લા ભાજપનાં મહમત્રી મેહુલભાઈ ધોરાજીયા, ભુપેન્દ્રભાઈ બસીયા, પીઠભાઈ નકુમ, અમરેલીનાં તમામ સહકારી હોદેદારો અમરેલી જિલ્લા ભાજપનાં તમામ હોદેદારો, પત્રકારો અને વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી હતી. અમરેલી ખાતે અમર ડેરીનાં પટાંગણમાં યોજાયેલ આ 'સહકારથી સમૃદ્ધિ' સંમેલનમાં ગયા અઠવાડિયે ઉતરપ્રદેશમાંથી જાહેર થયેલા નેશનલ એવોર્ડ માટે ડો.કેતન કાનપરિયાનું જાહેર સન્માન કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લાનાં લીલીયા તાલુકાનાં સલડી ગામનાં વતની, સરકારી વિનયન અને વાણિજય કોલેજ,લીલીયાના ગુજરાતી વિષયનાં પ્રોફેસર અને ગુજરાતીના પ્રતિષ્ઠિત કવિ, લેખક, વિવેચક, સંશોધક એવોડો, કેતન વિનુભાઈ કાનપરિયાની 'પંડિત પ્રતાપ નારાયણ મિશ્ર યુવા સાહિત્યકાર સન્માન – ૨૦૨૩' માટે પસંદગી કરવામાં આવી છે. શ્રીભાઉરાવ દેવરસ સેવા ન્યાસ, લખનૌ (ઉતરપ્રદેશ) દ્વારા ઈ.સ.૧૯૯૫ થી દર વર્ષ ભારતીય ભાષાઓમાંથી કોઈ એક યુવા સાહિત્યકારને સમગ્ર ભારતમાંથી પસંદ કરીને રાષ્ટ્રીય કક્ષાનો આ એવોર્ડ આપવામાં આવે છે.ભારતીય સંસ્કૃતિ સંદર્ભે ડો.કેતન કાનપરિયાનું વર્ષ – ૨૦૨૨ માં પ્રગટ થયેલ પુસ્તક 'ભારતીયતા : એક વિશિષ્ટ ભાવધારા' તથા અન્ય વિશિષ્ટ કહી શકાય એવી સાહિત્યિક ઉપલબ્ધિઓને ધ્યાનમાં લઈને સમગ્ર ભારતમાંથી 'પંડિત પ્રતાપ નારાયણ મિશ્ર યુવા સાહિત્યકાર સન્માન–૨૦૨૩' માટે ડો.કેતન કાનપરિયાનું નામ લખનૌ (ઉતરપ્રદેશ) થી ગયા અઠવાડિયે જાહેર કરવામાં આવ્યું છે. ઈ.સ.૧૯૯૫ થી દર વર્ષે એનાયત કરવામાં આવતો આ રાષ્ટ્રીયએવોર્ડ અત્યાર સુધીમાં ઈ.સ. ૨૦૦૧ મા ગુજરાતના સાહિત્યકારને મળ્યો હતો. ત્યારબાદ ૨૧ વર્ષ પછી ઈ.સ.૨૦૨૩ ના આ રાષ્ટ્રીય એવોર્ડ માટે સમગ્ર ભારતમાંથી ગુજરાતના સાહિત્યકાર ડો.કેતન કાનપરિયાનું નામ જાહેર થયું હોવાથી હવે સમગ્ર ગુજરાતનું ગૌરવ બનેલા ડો.કેતન કાનપરિયાનું અમરેલી જિલ્લામાં સૌથી પહેલા સન્માન કરવાનો ઉમદા વિચાર દિલીપભાઈ સંઘાણીએ વ્યકત કર્યો. ભાઉરાવ દેવરસ સેવા ન્યાસ. લખનૌ (ઉતર પ્રદેશ) દ્વારા આગામી દિવસોમાં યોજાનારાઓ એવોર્ડના અર્પણ વિધિ કાર્યક્રમમાં ડો.કેતન કાનપરિયાનું સન્માન કરવામાં આવે એ પહેલા સહકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણી એ અમર ડેરી ખાતે તા.૨૪/૯/૨૦૨૩ રવિવારનાં રોજયોજાયેલા 'સહકારથી સમૃદ્ધિ' સંમેલનમાં ભારતના કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરશોતમભાઈ રૂપાલા ના વરદ હસ્તે વિશિષ્ટ પ્રકારનાં મોમેન્ટો દ્વારા ડો.કેતન કાનપરિયાનું જાહેર સન્માન કર્યુ છે.

આ સન્માન પ્રસંગે દિલીપભાઈ સંઘાણીએ ડો.કેતન કાનપરિયાએ પુષ્પગુચ્છ દ્વારા તેમજ અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાએ શાલ ઓઢાડીને સન્માન કર્યુ હતું. અમરેલી જિલ્લાનાં સલડી ગામનાં ખડૂતપુત્ર ડો.કેતન કાનપરિયાની આ રાષ્ટ્રીય એવોર્ડ માટે પસંદગી થતાં સહકારથી સમૃદ્ધિ સંમેલનમાં તેમનું જાહેર સન્માન કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય એવોર્ડ માટે પસંદગી થવા બદલ ભારતનાં કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરશોતમભાઈ રૂપાલાએ એનસીયુઆઈ તથા ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ તથા અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાએ ડો.કેતન કાનપરિયાને સવિશેષ શુભકામનાઓ પાઠવી છે. તેમજ માત્ર અમરેલી જિલ્લાનું જ નહિ પણ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પણ પાઠવ્યા છે.

# ચલાલાનાં ગાયત્રી વિદ્યાલયની વિજ્ઞાનકૃતિને બિરાદાવતા ધારાસભ્ય જે.વી. કાકડીયા



ધારી, તા.૨૬

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત – ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના વિદ્યાર્થીઓએ બગસરા એસ.વી.એસ. મુકામે યોજાયેલ બાલ વિજ્ઞાન પ્રદર્શન ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ એ ખુબ સુંદર કૃતિ રજુ કરી હતી. આ કૃતિને નિહાળવા ધારી, બગસરા, ખાંભા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડિયા કૃતિને નિહાળીને બાળકોને પ્રોત્સાહન આપ્યુ હતું. અને સંસ્થાનાં વડા પૂ.રતિદાદા, ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તથા શાળાનાં આચાર્ય શીતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફ ગણે ખુબ ખુબ શુભેચ્છા પાઠવી હતી.

# સાવરકુંડલાની સરકારી શાળા માં બાળકો દ્વારા ગણેશ વંદના



સાવરકુંડલા, તા.૨૬

શ્રી બ્રાન્ચ શાળા નં. ૭ સાવકુંડલાના ગણપતિ ઉત્સવને મનાવવા માટે બાળકોએ આરતીની ડીશ શણગારીને તૈયાર કરી બાળકમાં રહેલી સ્કીલને જાણી અને આ શાળાના શિક્ષકોએ માર્ગદર્શન આપેલ છે. જીવનમાં દરેક સર્જનાત્મક પ્રવૃત્તિ બાળ કો રસ લેતા થાય ઉત્સવને અનુરૂપ દરેક બાબત શીખે જે જીવનમાં ઉપયોગી થાય તેવા હેતુથી દરેક પ્રવૃત્તિ કરાવવામાં આવે છે.

### આયુષ્યમાન ભવઃ કાર્યક્રમ અંતર્ગત

# જિલ્લાતંત્રી સંઘ અને જિલ્લા માહિતી કચેરી દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

અમરેલી, તા.૨૬

નાગરિકોને તમામ પ્રકારની આરોગ્ય સેવાઓ નાગરિકોને તેમનાં ગામ સુધી મળી રહે અને વિવિધ આરોગ્ય સંભાળ યોજનાઓ વિશે નાગરિકોમાં જાગૃતિ આવે તે ઉદેશ સાથે આરોગ્ય અને પરિવાર કલ્યા મંત્રાલયત દ્વારા આયુષ્યમાન ભવઃ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ કડીના ભાગરૂપે સોમવારે અમરેલી જિલ્લા સંઘ અને જિલ્લા માહિતી કચેરીનાં સંયુકત ઉપક્રમે અમરેલી સ્થિત સમર્થ વ્યાયામ મંદિર (અખાડા) ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં પત્રકારો અને જિલ્લા માહિતી કચેરીનાં કર્મયોગીઓએ રકતદાન કર્યુ હતું. ઉલ્લેખનીય છે કે, કાર્યક્રમ અંતર્ગત સપ્ટેમ્બર–૨૦૨૩ દરમિયાન અમરેલી જિલ્લાનાં વિવિધ –૧૯ સ્થળ ો પર તા.૧૬ થી તા.૨૮ દરમિયાન રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આયુષ્માન ભવઃ કાર્યક્રમ અંતર્ગત આયુષ્યમાન કાર્ડ રિન્યુઅલ અને આયુષ્યમાન કાર્ડ ન હોય તેવાને નવા કાર્ડ, આભા કાર્ડ કાઢવા સહિતની કામગીરીઓને આવરી લેવામાં આવશે. ગ્રામ પંચાયત, સામુહિક કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સહિતનાં સ્થળો પર આયુષ્યમાન કાર્ડ કાઢી આપવામાં આવશે. ઉપરાંત ૪૫ આરોગ્ય કેન્દ્રો ખાતે આરોગ્ય મેળાઓ યોજવામાં આવશે.

બિનચેપી રોગો, ટીબી, રકતપિત અને અન્ય ચેપી રોગો, માતા અને બાળ આરોગ્ય તેમજ પોષણ, આંખ સંભાળ અને એનિમિયા સહિતનાં રોગોની સારવાર, આરોગ્ય માટે જાગૃતિ સહિતની બાબતોની આવરી લેવામાં આવશે.

આરોગ્ય ઉપરાંત સહકારી મંડળીઓ, ગ્રામ પંચાયત, આંગણવાડી કાર્યકરો સહિતનાઓ આ કામગીરી માટે સેવાઓ પુરી પાડશે.

આગામી તા.૨ ઓકટોબર–૨૦૨૩ના રોજ આયુષ્માન સભા યોજવામાં આવશે. જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં યોજાનાર ગ્રામસભાઓમાં ટીબી મુકત ગામ અભિયાન અંતર્ગત ટીબીની સારવાર અને ટીબી મુકત ગામનાં સંકલ્પને સાધવા માટેની પ્રતિજ્ઞા સાથે વિવિધ કાર્યક્રમો યોજાશે.

# વિઠ્ઠલપુર ખંભાળિયા ખાતે રક્તદાન મહાદાન કેમ્પ યોજાયો

અમરેલી, તા.૨૬, આયુષ્માન ભવઃ કાર્યક્રમ હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર.એમ. જોશી તથા અમરેલી તાલુકાના હેલ્થ ઓફિસર ડો.રાજીવકુમાર સિંહાના માર્ગદર્શન હેઠળ બલ્ડ ડોનેશન કેમ્પ યોજાયેલ તેમાં પ્રા.કે. કેન્દ્ર વાંકીયાના મેડિકલ ઓફિસર ડો.કૃણાલ રામાણી, ડો.કિરણ શેલડિયા ગ્રૃપ જી.ડી.ભગત તથા તાલુકા હેલ્થ સૂપ જે.બી.જોશીના વિશેષ માર્ગદર્શન હેઠળ વિઠ્ઠલપુર ગ્રામ પંચાયતનાં સહયોગથી વિઠલપુર ખાતે બલ્ડ ડોનેસન કેમ્પ યોજાયેલ જેમાં ગામનાં ૧૮ સેવાભાવિક ગ્રામજનોએ રકતદાન કરેલ જે બદલ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પીઠવાજાળ આભારી રહશે.

આ તકે તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા સરપંચ ભાવેશભાઈ ગોંડલિયા ઉપસરપંચ જયંતિભાઈ મકવાણાનાં પ્રયાસથી અને આરોગ્ય કર્મચારી જિનલ પ્રજાપતિ યોગેશ મકવાણા આશા સલમાબેન અને રમજુબેનના પ્રયાસોથી આ રકત દાન કેમ્પ સફળ રહયો હતો.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### ગણેશ મહોત્સવમાં ધારાસભ્ય સહિત પદાધિકારીઓએ હાજરી આપી

# રાજકોટ જીવનનગર સમિતિએ અસાધારણ પ્રગતિ કરી છે : ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ

### સર્વાંગી સ્ત્રોતનું સંગઠન એટલે જીવનનગર : શાક પક્ષના નેતા લીલુબેન જાદવ



રાજકોટ, તા. ૨૬

જીવનનગર વિકાસ સમિતિ, ગણપતિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા મંડળના સંયુકત ઉપક્રમે ગણેશજીની મહાઆરતીમાં ભા.જ.પ.ના પદાધિકારીઓએ ભાગ લીધો હતો. જીવનનગરની અસાધારણ પ્રગતિમાં સામુહિક એકતા કારણભૂત છે તેવો વિચાર પ્રગટ કર્યો હતો.

મહોત્સવ દિપ પ્રાગ્ટય ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે કરી જણાવ્યું કે રાજકોટમાં જીવનનગર સમિતિ છેલ્લા ૪૦ વર્ષથી કાર્યરત છે. અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે. રહીશોની એકતાને વંદન કરું છું.

શાસક પક્ષના નેતા લીલુબેન જાદવે જીવનનગર સમિતિ સર્વાંગી પ્રવૃત્તિઓનું સ્તોત્ર છે. જીવનનગરના આયોજનમાં ભાગ લેવો ગૌરવ છે. ભગવાનની કૃપા માનવ જાત ઉપર કાયમ રહે તેવી પ્રાર્થના કરી હતી.

મહાઆરતીમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, છગનભાઈ જાદવ, નગરસેવકો ચેતનભાઈ સુરેજા, જયોત્સનાબેન ટીલાળા, ડો. રાજેશ્રીબેન ડોડીયા, વોર્ડના પ્રભારી રઘુભાઈ ધોળકીયા, પ્રમુખ રજનીભાઈ ગોલ, શહેર ભા.જ.પ. મંત્રી વિજયભાઈ પાડલીયા, હરેશભાઈ કાનાણી, મહામંત્રી મેહુલભાઈ નથવાણી, રત્નદિપસિંહ જાડેજા, શહેર ભા.જ.પ.ના કાશ્મીરાબેન નથવાણી, આગેવાનો મોનીલભાઈ શાહ, મનીષભાઈ ડેડકીયા, મહેન્દ્રસિંહ જાડેજા, ચૈતન્યભાઈ પડીયા, પાર્થ ગોહેલ, કિશનભાઈ ભુવા, દર્શિતભાઈ જોશી, આનંદભાઈ, માલાબેન પટેલ, છાયાબેન, વિનોદરાય ભટ્ટ, અનંતભાઈ ગોહેલ, અન્ય આગેવાનોએ ભાગ લીધો હતો, પ્રસાદ વિતરણ કર્યું હતું.

સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયાએ મહેમાનોનું સ્વાગત કરી સમિતિના લોકોપયોગી કાર્યોની વિગત આપી હતી. સમિતિ માનવતાલક્ષી કાર્યોને અગ્રતા આપે છે. છેલ્લા ૪૨ વર્ષથી પ્રાચીન ગરબીનું આયોજન થાય છે. રહીશોની એકતાના કારણે સફળતા મળે છે.

મહોત્સવ સમિતિમાં કામગીરી કરતા અને સફળતાના ભાગીદાર જયંત પંડયાના વડપણ હેઠળ મુકેશભાઈ પોપટ, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, વિનુભાઈ ઉપાધ્યાય, પાર્થ ગોહેલ, અનંભાઈ ગોહેલ, વિજયભાઈ જોબનપુત્રા, વિનોદરાય ભટ્ટ, શૈલેષભાઈ પુજારા, બારોટભાઈ, ગોવિંદભાઈ ગોહેલ, મહિલા મંડળના યોગીતાબેન જોબનપુત્રા, સુનિતાબેન વ્યાસ, ભારતીબેન ગંગદેવ, આશાબેન મજેઠીયા, શોભનાબેન ભાણવડિયા, અલ્કાબેન પંડયા, નેહાબેન મહેતા, હર્ષાબેન પંડયા, પ્રફુલ્લાબેન બોરીચા, જયોતિબેન પુજારા, ભદ્રાબેન ગોહેલ, મહિલા મંડળે જહેમત ઉઠાવી હતી.

# અમરેલી ખાતે સર્વજ્ઞાતિ સમુહ લગ્ન ૧૦ ડીસે.નાં રોજ યોજાશે


અમરેલી, તા.૨૬

અમરેલી ખાતે સૌરાષ્ટ્રમાં રહેતા સર્વજ્ઞાતિ સમાજનાં ૩૧ માં સમુહ લગ્ન સુમન સેવા ટ્રસ્ટ દ્વારા આયોજન તા.૧૦/૧૨/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે.

માતા–પિતાની છત્રછાયા ગુમાવેલ તેમજ વિકલાંગ યુવક–યુવતીઓનો વિના મુલ્ય તેમજ લગ્ન રજીસ્ટ્રેશન લગ્ન સાતફેરા યોજના લાભ મળશે અને દાતાઓ અને મંડળ તરફથી કરીયાવર આપવાનો પ્રયાસ કરવામાં આવે છે. લગ્ન નોંધણી વહેલા તે પહેલા નીચે સરનામે નોંધણી ચાલુ છે. ટ્રસ્ટ પ્રમુખ રમેશભાઈ ગોહીલ રામ એસ્ટેટ જુના માકેટીંગ યાર્ડ અંદર ફુટ માકેટ દુ.નં.બી/એફ ૧૩ પહેલો માળે અમરેલીમાં ૯૩૭૪૭ ૩૪૮૨૦ પરશોતમભાઈ એન મકવાણા, મો.૯૪૨૮૭ ૯૮૬૪૭ સવજીભાઈ ડી. ડાભી મો.૯૯૨૪૪ ૧૩૯૨૫ રમેશભાઈ આર.ડાભી મો.૯૧૦૪૪ ૧૯૬૪૧ સંપર્ક કરવો.

### ગૌશાળાઓ – પાંજરાપોળો માટે આશીર્વાદની વ્યવસ્થા

# બાયોગેસ પ્લાન્ટમાંથી મેળવો, ગેસ, ખાતર અને બનાવો ગોબર સ્ટિક, બાયોગેસ પ્લાન્ટ



પશુપાલન સાથે જોડાયેલ ખેડૂત પરિવારો માટે તો બાયોગેસ પ્લાન્ટ આશીર્વાદરૂપ નીવડી શકે છે. આજે દેશનાં ઘણાં ગામડાંમાં સામુદાયિક કે વ્યકિતગત રૂપે બાયોગેસ પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે.

ગોબર ગેસ પ્લાન્ટ કરાવવાથી ઉકરડાની દુર્ગંધથી તો છૂટકારો મળે જ છે, સાથે-સાથે મહિલાઓનો સમય પણ બચે છે. આ ઉપરાંત બાયોગેસ પ્લાન્ટમાંથી મળતા ગેસના કારણે ચૂલાના ધૂમાડાથી છૂટકારો મળે છે અને રાંધણ ગેસના ખર્ચમાંથી પણ છૂટકારો મળે છે.

**બાયોગેસ પ્લાન્ટ બનાવતાં પહેલાં ધ્યાનમાં રાખવા જેવી બાબતો :**

૧. પ્લાન્ટની નજીક પાણીનો કૂવો હોવો જોઈએ નહીં.
૨. પ્લાન્ટની નજીકમાં કોઈ ઝાડ હોવું ન જોઈએ.
૩. પ્લાન્ટની નજીક જાજરૂનો શોષકુવો ન હોવો જોઈએ.
૪. પ્લાન્ટ એવી જગ્યાએ ન બનાવવો જયાં ચોમાસામાં પાણી ભરાતું હોય.
૫. દિવસે પ્લાન્ટ પર સૂર્યનો તડકો પડતો હોય તો વધારે સારૂ.
૬. ગોબર ગેસ પ્લાન્ટમાં નાખવામાં આવતો રગડો એકરસ હોવો જોઈએ. (જેટલું છાણ હોય એટલું જ પાણી નાખી એકરસ કરવું અને અંદર કાંકરા હોય તો કાઢી લેવા. આ રગડો રોજ પ્લાન્ટમાં નાખવો.)
૭.પ્લાન્ટસાથેની પાઈપનું ફીટિંગ બરાબર હોવું જોઈએ, જેથી રસોડા સુધી બરાબર ગેસ પહોંચી શકે.

**બાયોગેસ પ્લાન્ટના ફાયદા :**

૧. ઉકરડાની ઉર્ગંધથી છુટકારો મળે.
૨. છાણાં થાપવાની મહેનત બચે.
૩. ધૂમાડાના અને લાકડાં બાળવાના કારણે પર્યાવરણને થતા નુકસાનને અટકાવી શકાય.
૪. રાંધણ ગેસનો ખર્ચ બચે.

**૫. ખેતર અને બગીચા માટે નિયમિત ખાતર મળતું રહે.**

સામાન્ય રીતે ઘણી ગેશાળાઓમાં છાણમાંથી ગાયનાં લાકડાં બનાવવામાં આવે છે, પરંતુ તેનાથી છાણના બીજા ફાયદા આપણે ગુમાવીએ છીએ. તેની જગ્યાએ આ છાણમાંથી ગોબર ગેસ ઉત્પન્ન કરવામાં આવે, તો તેનાથી ગેસ તો મળે જ છે, સાથે-સાથે તેમાંથી મળતી સ્લરીનો ઉપયોગ ખેતરમાં ખાતર તરીકે થાય છે અને છેલ્લા આઉટકમમાંથી આ ગોબર ડંડા બનાવી શકાય છે. જેનો ઉપયોગ આજકાલ ઘણાં સ્મશાનમાં કરવામાં આવે છે. જેથી એટલાં જંગલો કપાતાં પણ અટકાવી શકાય છે.

**– મિત્તલ ખેતાણી**
(મો. [illegible])

### કેન્દ્રીય મંત્રી પરષોતમભાઈ રૂપાલાનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલીના વાંકીયા ખાતે 'મારી માટી મારો દેશ' કાર્યક્રમ અંતર્ગત અમૃત કળશ યાત્રા યોજાઈ

### કૌશિકભાઈ વેકરીયા, સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય, ઈફકોનાં ચેરમેનની પ્રેરક ઉપસ્થિતિ



અમરેલી, તા.૨૫

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સમગ્ર દેશમાં હર્ષોલ્લાસ સાથે 'મારી માટી મારો દેશ' કાર્યક્રમ યોજાયો હતો. રાષ્ટ્રભકિતનાં આ પર્વમાં દેશનાં ગામે ગામથી એકઠી કરવામાં આવેલી માટીને દિલ્હી ખાતે લઈ જવામાં આવી હતી.

આ કડીનાં ભાગરૂપે કાર્યક્રમનાં બીજા ચરણમાં 'અમૃત કળશ' યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનાં અંતર્ગત અમરેલી જિલ્લાનાં વાંકીયા ખાતે કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી પરષોતમભાઈ રૂપાલાનાં અધ્યક્ષ સ્થાને નહેરૂ યુવા કેન્દ્ર – જિલ્લા વહીવટીતંત્રનાં સંયુકત ઉપક્રમે અમર ડેરીનાં ચેરમેનના સહયોગથી 'અમૃત કળશ' યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય સર્વે જનકભાઈ તળાવિયા, કંચનબેન રાદડિયા, ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમનાં કેન્દ્રીય મંત્રીના હસ્તે વાંકીયા ગામનાં રહેવાસી અને પુર્વ સૈનિક મગનભાઈ મહિડાજીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વાંકીયા ગામનાં ગ્રામજનો દ્વારા એકઠી કરવામાં આવેલી માટીને 'અમૃત કળશ' માં એકત્ર કરીને ભરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે કેન્દ્રીય મંત્રીએ ગ્રામજનોને આ કાર્યક્રમનું મહત્વ સમજાવ્યું હતું અને પ્રથમ ચરણમાં યોજાયેલા કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. ત્યારબાદ જિલ્લા યુવા અધિકારી શિખર રસ્તોગી દ્વારા સૌને અમૃતકાળ નાં પંચપ્રણનાં શપથ લેવડાવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં શીલાફલકમ પર અમૃત કળશ મુકીને વીરોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. આ પ્રસંગે ઈફકોનાં ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ કાર્યક્રમને અનુરૂપ પ્રેરક સંબોધન કર્યુ હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીના હસ્તે ગામનાં સરપંચ નયનાબેન દંતેવાડિયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલા : માતૃશ્રી રમાબાઈ આંબેડકર ટ્રસ્ટ દ્વારા રકતદાન શિબિર યોજાઈ



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલામાં ઘણાં લાંબા સમયથી વિવિધ વિદ્યાર્થી લગતી પ્રવૃતિ કરતી સંસ્થા માતૃશ્રી રમાબાઈ ભીમરાવ આંબેડકર પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ– ધ્વારા તા. ૨૩/૯/૨૦૨૩ના 'સંકલ્પ દિવસ'ના ઉપક્રમે તા. ૨૪/૯/૨૦૨૩ના 'રકતદાન શિબિર'નું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે ડો. જે.બી. વડેરા તથા મેહુલભાઈ વ્યાસ તેમજ રેડક્રોસ સોસાયટી રાજકોટના પ્રતિનિધિ ધ્વારા દિપ પ્રાગટ્ય કરી શિબિર ચાલુ કરેલ. આ પ્રસંગે મેઘવાળ સમાજનાં તેમજ સેવાભાવી મહાનુભાવો, વડિલો, સ્નેહીઓ, બહેનો, રકતદાત્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલા.

અત્રે ઉલ્લેખનિય એ છે કે આ પ્રસંગે મહિલા રકતદાત્તાઓએ રકતદાન કરી અને બીજાને પણ પ્રેરણા લેવા જણાવેલ.

# સાવરકુંડલા : ભારતીય સંસ્કૃતિ જ્ઞાનપરીક્ષાનું આયોજન થયું



સાવરકુંડલા, તા. ૨૬

શ્રી નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા સંચાલિત શ્રી એસ.વી. દોષી ગર્લ્સ હાઈસ્કુલ સાવરકુંડલા દ્વારા તારીખ ૨૩-૯-૨૩ના રોજ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા ૨૦૨૩ની પરીક્ષાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પરીક્ષાનું સંચાલન લાલજીભાઈ એચ. રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું તો શાળાના આચાર્ય ઉષાબેન દ્વારા વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધો હતો અને વિદ્યાર્થીનીના જીવનમાં સંસ્કૃતિનું મહત્વ અને જીવનમાં તેમનો અસરો વિશે પણ વિસ્તૃત છણાવટ કરી હતી તો ગાયત્રી મંદિર પરિવાર તરફથી પધારેલ યાજ્ઞિકભાઈ વ્યાસે પણ વિદ્યાર્થીની તેમજ શાળા પરિવારને શુભેચ્છા પાઠવેલ હતી.

તો શાળાના સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદી તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા સહયોગ પૂરો પાડેલ હતો.

# રાજુલા : સરકારી હોસ્પિટલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



રાજુલા, તા. ૨૬

આયુષ્માન ભવઃ અભિયાન કાર્યક્રમ અંતર્ગત ઈમરજન્સી સમયે સરળતાથી બ્લડ મળી રહે તેના ભાગરૂપે સરકારી હોસ્પિટલ રાજુલા ખાતે એસ.ડી.એફ.સી. બેન્ક રાજુલાના સહયોગ સાથે બ્લડ ડોનેશન કેમ્પનુ સુંદર આયોજન કરવામા આવેલ.

જેમા તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા દ્વારા સુંદર કામગીરી કરાતી હોય યાદવ યુવા ગ્રુપ દ્વારા સન્માનિત કરવામાં આવેલ.

બ્લડ ડોનેશન કેમ્પમાં ડો. મહેશભાઈ કાતરીયા, જે.કે. જોષી, અજયભાઈ લાડુમોર, સનાભાઈ મકવાણા, રમેશભાઈ કાતરીયા, બળભાઈ મકવાણા, દિનેશભાઈ હડિયા, અલ્પેશભાઈ હડિયા અને રઘુ કાતરીયા સહિતના લોકો દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લઈ ટોટલ ૨૦ લોહીની બોટલ એકત્રીત કરી અત્યાર સુધીમા આયુષ્માન ભવઃ અભિયાન હેઠળ ૧૨૪ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં સફળતા મળતા ઈમરજન્સીના સમયે સરળતાથી લોકોને બ્લડ મળી રહે તેવુ અનેરૂ યોગદાન આપેલ.

આ બ્લડ ડોનેશન કેમ્પમાં અધિક્ષક ડો. એચ.એમ. જેઠવા, તાલુકા હેલ્થ ઓફિસર ડો. એન.વી. કલસરીયા, આર.એમ.ઓ. ડો. શકિતરાજ ખુમાણ, વિશાલભાઈ પટેલ, અજયભાઈ લાડુમોર, ધવલભાઈ વાણીયા અને પી.ડી. ચૌહાણ સહિતના એસ.ડી.એફ.સી. બેન્ક અને આરોગ્ય સ્ટાફ દ્વારા હાજર રહી સુંદર કામગીરી કરવામાં આવેલ જે યાદીમાં જણાવેલ છે.

# બાબરાનાં કોટડાપીઠા ખાતે ગણેશોત્સવની આસ્થાભેર ઉજવણી



બાબરા, તા.૨૬

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે મેઈન બજારમાં આવેલ મુખ્ય રામજીમંદિર ખાતે ધામધુમ પુર્વક ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં પુજન, અર્ચન, આરતી તેમજ બાપાની પ્રસાદી આપવામાં આવે છે.

લોકો ઉત્સાપુર્વક ભાગ લઈને બાપાની ભકિતભાવ પુર્વક વંદના કરી રહીયા છે.

### હિન્દુ-મુસ્લિમ તહેવારોને અનુલક્ષીને

# સાવરકુંડલા ખાતે સ્થાનિક પોલીસ દ્વારા વિવિધ વિસ્તારોમાં ફ્લેગમાર્ચ યોજાઈ

### અસામાજિક તત્વો માથુ ઉંચકે તો કડક કાર્યવાહી



સાવરકુંડલા. તા.૨૬

સાવરકુંડલા શહેરમાં આવનાર તા.૨૮/૯/૨૦૨૩ના રોજ હિન્દૂ સમાજ માટે આસ્થાનું પ્રતિક મનાતા ગણેશ વિસર્જન અને મુસ્લિમ સમાજના ધર્મ ગુરૂ હજરત મુહંમદ પેગંબરના જન્મ દિવસના ભાગ રૂપે સાવરકુંડલા શહેરમાં બંને સમાજની શોભાયાત્રા અને ઝુલુસ જાહેર માર્ગો પર ફરવાના હોય જેના ભાગ રૂપે શહેરમાં સુખ શાંતિ અને સલામતીના હેતુ સર અમરેલી જિલ્લા પોલીસવડા હિમકારસિંહ અને ડી.વાય એસ.પી વોરાની સૂચનાથી સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ સોની દ્વારા સાવરકુંડલા શહેરના જાહેર માર્ગો ઉપર ફરી પોલીસ કાફલા સાથે ફલેગ માર્ચ યોજી હતી અને સર્વોને શાંતિ અને ભાઈચારાથી ત્યોહારની ઉજવણી કરવા અપીલ કરી હતી અને જો કોઈ અસામાજિક તત્વો દ્વારા શહેરની શાંતિ ડોળવાનો પ્રયાસ કરશે તો તેને સારીરીતે કાયદાનું ભાન કરાવવા પણ તૈયારી દર્શાવી હતી એમ નાસીર ચૌહાણની એક યાદીમાં જણાવાયું હતું.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાસભા એસ.વી.એસ. કક્ષા બાલ વિજ્ઞાન પ્રદર્શનમાં ચમકી



ચલાલા, તા.૨૬

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત – ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ બગસરા એસ.વી. એસ. મુકામે યોજાયેલ બાલ વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લઈ મેથ્સની કૃતી બહુત સુંદર રીતે રજુ કરી હતી. અને શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ હતું.

તે બદલ સંસ્થાનાં વડા પૂ.રતિદાદા, ભારત ભુષણ મહેશભાઈ મહેતા તથા શાળાના આચાર્ય શિતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફ ગણે ખુબ ખુબ શુભેચ્છા પાઠવી હતી. હજુ પણ આગળ ને આગળ પ્રગતી કરે તે માટે સંસ્થાનાં પૂ.રતિદાદાએ આર્શિવાદ પાઠવ્યા હતા. આ કૃતિ બનાવવા માટે સોલંકી અરવિંદભાઈ અને જોષી વિશાલભાઈ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# અમરેલી : દીપક હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ જિલ્લા ન્યાયાલયની મુલાકાત કરી



અમરેલી, તા.૨૬

પ્રત્યક્ષ શિક્ષણ આપવાનાં એક નવતર પ્રયોગ સ્વરૂપે સામાજિક વિજ્ઞાનમાં આવતા ન્યાયતંત્ર પાઠની વિશેષ સમજુતી માટે તા. ૨૩ સપ્ટેમ્બર-૨૦૨૩ ના રોજ દીપક હાઈસ્કુલ, અમરેલીનાં વિદ્યાર્થીઓએ અમરેલી જિલ્લા ન્યાયાલયની મુલાકાતે ગયા હતા. આ મુલાકાતમાં અમરેલી સેશન્સ કોર્ટ, સિવિલ કોર્ટ, એ.ડી.આર. કેન્દ્ર વિવિધ જિલ્લા ન્યાયતંત્ર સંલગ્ન કેન્દ્રોની મુલાકાત લેવામાં આવેલ. જયાં જિલ્લા ન્યાયધીશ દ્વારા વિદ્યાર્થી સાથે જીવંત સંવાદ કેળવી ન્યાય પ્રક્રિયા વિશે ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડેલ.

આ શૈક્ષણિક મુલાકાતમાં વિદ્યાર્થીઓએ ન્યાયતંત્ર વિષયક પ્રશ્નો પુછી જરૂરી માર્ગદર્શન પણ મેળવેલ. આ સમગ્ર શૈક્ષણિક મુલાકાતનું આયોજન સંસ્થાના શિક્ષકો સરીતાબેન દવે, સલીમભાઈ કુરેશી અને વિશાલભાઈ પંડયાનાં માર્ગદર્શન હેઠળ થયેલ. આ સમગ્ર કાર્યક્રમની ધ્યાનાકર્ષક બાબત અમરેલી જિલ્લા ન્યાયધીશનો બાળકો સાથેનો રસપ્રદ વાર્તાલાપ રહેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા ન્યાયાલય હર્ષદભાઈ અને અમિતભાઈ વાઘેલાએ અને જિલ્લા ન્યાયાલય સ્ટાફે સહયોગ પુરો પાડેલ. તેમ આચાર્ય ડો.અમિતભાઈ ઉપાધ્યાય દીપક હાઈસ્કુલ, અમરેલીની યાદી જણાવે છે.

### સફેદ તલની ૨૮ મણ જેટલી આવક

# અમરેલીનાં માર્કેટયાર્ડમાં સિઝનનાં નવા તલની આવક શરૂ થઈ

### પ્રતિ મણનો ભાવ રૂપિયા ૩૨૩૦ થી ૩૭૧૧ સુધી મળેલ

અમરેલી, તા.૨૬, અમરેલીમાં સાવરકુંડલા રોડ ખાતે બનેલ સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-અમરેલી, નવા માર્કેટયાર્ડમાં ગત તા.૨૫/૯/૨૦૨૩ને સોમવારના રોજ સિઝનનાં નવા તલની આવક શરૂ થઈ હતી. જેમાં સફેદ તલની આવક ૨૮ મણ જેટલી થયેલ છે. અને તેના ભાવો રૂા.૩૨૩૦થી રૂા.૩૭૧૧ સુધી થયેલ હતા. આમ માર્કેટયાર્ડ અમરેલી ખાતે નવા તલની આવક શરૂ થઈ ગયેલ છે. અને ખેડૂતોને તેના ભાવો પણ સારા મળે છે. તેમ બજાર સમિતિનાં સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબાર યાદીમાં જણાવ્યું હતું.

# અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં 'કોર મોબાઈલ' શોરૂમ દ્વારા ગણેશજી ચિત્ર સ્પર્ધા યોજાઈ







અમરેલી જિલ્લાનું મોબાઈલ ક્ષેત્રે અનોખું નામ એટલે કોર મોબાઈલ રાજકમલ ચોક અમરેલી. ગણેશ મહોત્સવ નિમિત્તે ગણેશજી ચિત્ર સ્પર્ધા કોર મોબાઈલ રાજકમલ ચોક અમરેલી દ્વારા યોજવામાં આવેલ. આ સ્પર્ધામાં ધોરણ ૪ થી ૭ અને ધોરણ ૮ થી ૧૦ એમ કુલ બે વિભાગમાં કુલ ૧૦૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ધોરણ ૪ થી ૭ માં (૧) મૈત્રીબેન પ્રશાંતભાઈ ભાલું ધો. ૪ (શ્રી બંસીધર પ્રાથમિક શાળા), (૨) માનસીબેન નિલેશભાઈ બુટાણી. ધો. ૬ (શ્રી બંસીધર પ્રાથમિક શાળા), (૩) બુરાહુદીન ફારૂકુદીન ખેની ધો. ૫ (ગજેરા સંકુલ) તથા ધોરણ ૮થી ૧૦ના વિભાગમાં (૧) પ્રયાનીબેન વિમલકુમાર વ્યાસ. ધો. ૧૦ (ગજેરા સંકુલ), (૨) જયભાઈ શૈલેષભાઈ બાલાસ ધો. ૧૦ (ગજેરા સંકુલ), (૩) માહિબેન રાહુલભાઈ ઝાલાવાડીયા ધો. ૯ (આર. કે. સાયન્સ સ્કૂલ) દરેક વિજેતા સ્પર્ધકને કોર મોબાઈલ તરફથી પ્રોત્સાહક ઈનામ શિલ્ડ સાથે આપવામાં આવેલ. આ સાથે આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રોત્સાહક ઈનામ પણ આપવામાં આવેલ. આમ અમરેલી જિલ્લામાં વ્યાવસાયિક ક્ષેત્રે ગણેશ મહોત્સવ નિમિત્તે ગણેશજી ચિત્ર સ્પર્ધા યોજીને એક અનોખી ઓળખ પ્રસ્થાપિત કરી છે. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોના ચિત્રોનું પ્રદર્શન પણ તારીખ ૩૦ સુધી કોર મોબાઈલ રાજકમલ ચોક અમરેલી ખાતે મૂકાયેલું છે કોઈ પણ કલાપ્રેમી ભાવિકજન આ ચિત્રો નિહાળી તમામ સ્પર્ધકોને તેમનાં કલાના કૌશલ્યને બિરદાવી પોતાનો અભિપ્રાય પણ વ્યકત કરી શકે છે. આવા અનેક પ્રકારના સેવાલક્ષી આયોજનો કોર મોબાઈલ રાજકમલ ચોક અમરેલી દ્વારા યોજવામાં આવનાર છે તેમ કોર મોબાઈલના માલિક મલ્કેશભાઈ મજીઠીયા દ્વારા જણાવવામાં આવ્યું હતું.

### જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને

## અમરેલી ખાતે વાઈબ્રન્ટ ગુજરાત વાઈબન્ટ અમરેલી કાર્યક્રમ અન્વયે બેઠક યોજાઈ

### સેમિનાર પ્રદર્શન સહિતનાં કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૨૬

રાજયમા વેપાર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે યોજાતી વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટનાં ભાગરૂપે આગામી વર્ષે યોજાનાર સમારોહમાં જિલ્લા કક્ષાએથી ઉદ્યોગકારો, વેપાર સમુહોનું પ્રતિનિધિત્વ થાય તેવા ઉદેશથી જિલ્લા કક્ષાએ વાઈબ્રન્ટ સમારોહના ઉપલક્ષમાં એક દિવસીય કાર્યક્રમ યોજાશે. અમરેલી જિલ્લાનો કાર્યક્રમ આગામી ૩ ઓકટોબર–૨૦૨૩ મંગળ વારના રોજ શાંતાબા મેડિકલ કોલેજનાં ઓડિટોરીયમમાં યોજાશે. આ કાર્યક્રમના સુચારૂં આયોજન માટે જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને આજરોજ જિલ્લા પંચાયતનાં કોન્ફરન્સ હોલ અમરેલી ખાતે બેઠક યોજાઈ હતી.

ગુજરાત રાજયનાં વેપાર–ધંધા ઉદ્યોગોના વિકાસ માટે રાજય સરકાર દ્વારા યોજાતી વાઈબ્રન્ટ સમિટ આગામી સમયમાં ગાંધીનગર ખાતે યોજાશે. જેનાં ઉપલક્ષમાં જિલ્લાકક્ષાએ વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ અમરેલી તા.૩ ઓકટોબરનાં રોજ એક દિવસીય પ્રદર્શન યોજાશે. જેમાં ઉદ્યોગ અને રોજગાર સહિતનાં વિવિધ ક્ષેત્રોના તજજ્ઞો દ્વારા વિચાર વિમર્શ કરવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર એસ.બી.ભાટીયાએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ દ્વારા ઉદ્યોગ તથા રોજગારને લગતી કલ્યાણકારી યોજનાની જાણકારી સરળતાથી મળી રહે તે માટે ઉદ્યોગ કેન્દ્ર, ઔદ્યોગિક સહકારી મંડળી, જિલ્લા રોજગાર કચેરી, જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી, શ્રમ આયુકતની કચેરી, આઈ.ટી.આઈ કચેરી, આત્મા કચેરી, ખેતીવાડી – બાગાયત વિભાગ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર લીડ બેંક (સરકારી – ખાનગી) દ્વારા સ્ટોલ ઉભા કરવામાં આવશે. જિલ્લાનાં નાગરિકોને રોજગાર અને ઉદ્યોગક્ષેત્રે લાભ થાય તેમજ જિલ્લાનાં મોટા ઉદ્યોગ સાથે B2B અને B2 C કાર્યક્રમ યોજાશે. ઉદ્યોગ જગતના નિષ્ણાંતો અને સ્થાનિક ઉદ્યોગકારો દ્વારા વિવિધ વિષયો પર એક દિવસીય સેમિનાર પણ યોજાશે.

બેઠકમાં નિવાસી અધિક કલેકટર આર.બી.વાળાએ કાર્યક્રમનાં હેતુને અનુલક્ષ્યમાં રાખીને ઉદ્યોગ જગતનાં વિવિધ એકમો અને વિવિધ સંગઠનોને સહભાગી બનાવવા માટે સુચન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમના આયોજન અને સ્ટોલ સહિતનાં આયોજન અંગે સુચના આપવામાં આવી હતી. આ ઉપરાંત ઉદ્યોગો અને વેપાર જગતનાં પ્રતિનિધિઓ વધુમાં વધુ જોડાય તે મુજબનું આયોજન કરવાની પણ સુચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં નાયબ પોલીસ અધિક્ષક ભંડારી, પ્રાંત અધિકારી દેસાઈ સહિતનાં સંબંધિત અમલીકરણ અધિકારીઓ, ઔદ્યોગિક એસોસિએશનનાં પ્રમુખ – પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયાં હતાં.

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલીના મણીનગર નજીક

કરતા જેઓને જેમનાં તેમ બેસાડી દઈ આરોપી ઈરફાનભાઈ યાસીનભાઈ કુરેશી, હુસેનભાઈ અબુભાઈ કથીરી, ફારૂકભાઈ ઈકબાલભાઈ વાઘેલા, ઈમ્તીયાઝભાઈ મહમદશા, મોગલ (રહે.અમરેલી) વાળા ઈસમોને રોકડ રકમ રૂપિયા ૧૦,૨૫૦નાં મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

### પાના ૧ ઉપરનું ચાલું ધારીના આંબરડી ગામ નજીક

નાખવાની ધમકી આપી તથા બીજા માણસે શરીરે ઢીકા પાટુનો મુંઢમાર મારી આધેડના ખીચામાથી બે હજાર રૂપીયા કાઢી લઈ અને ત્રીજા માણસે આધેડને પકડી રાખી આ ત્રણેય જણાએ ભેગા મળી અડધી કલાક સુધી ગોંધી રાખી માર મારેલ હોય જે અંગે ત્રણેય અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ફરીયાદ આપતા ધારીના પોલીસ ઈન્સ. એ.એમ. દેસાઈએ ગુન્હોનો ભેદ ઉકેલવા કરવા ધારી પોલીસ સ્ટેશનની ટીમ બનાવી ધારી પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ટેકનીકલ સોર્સ તથા હયુમન સોર્સ આધારે તથા સીસીટીવી કેમેરા ચેક કરતા સદરહુ ગુન્હાને અંજામ આપનાર વિશાલભાઈ ઉર્ફે બાપુ બાલકૃષ્ણભાઈ દેવમુરારી (રહે. સ્ટેશન પરા, ચલાલા), રઘુવિરભાઈ ઉર્ફે રઘુ દીલુભાઈ વાળા (રહે. દેવકરણ સોસાયટી, ચલાલા) તથા ભયલુભાઈ ભાભલુભાઈ ધાખડા (રહે. કેરીયાચાડ તા.જી.અમરેલી) વાળા ત્રણેય ઈસમોનની ઓળખ મેળવી ગણતરીની કલાકોમાં આરોપીઓને પકડી આગની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

### પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં ગળકોટડી ગામ નજીકથી

વિભાગની તપાસણી અર્થે સેમ્પલ તરીકે લઈ તમામ બોટલો શકપડતી મીલકત તરીકે કબ્જે લઈ તેમજ ફોરવ્હિલ ગાડી નં.જીજે–૧૬ કે ૩૮૩૯ના ચાલક પાસેથી આર.ટી.ઓ લગત કોઈ કાગળો મળી આવેલ ન હોય જેથી વાહન ડીટેઈન કરી પકડાયેલ ગયેલ ઈસમ વિરૂધ્ધ આગળની કાર્યવાહિ હાથ ધરવામા આવેલ છે.

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલી, ખાંભા, ધારી સહિતનાં વિસ્તારોમાં વરસાદ

ગામોમાં પડેલા વરસાદથી ખેડૂતોમાં ભારે હરખની હેલી જોવા મળી હતી.

જયારે અમરેલી શહેર તથા અમરેલી તાલુકાનાં ગોખરવાળા, સોનારીયા, શંભુપરા સહિતનાં ગામોમાં મુશળધાર વરસાદ પડી ગયો હતો. જેના કારણે શહેર તથા ગ્રામ્ય વિસ્તારોની બજારોમાં પાણી વહી ગયા હતા. અમરેલી શહેરમાં ૩–૪ દિવસનાં વિરામ બાદ વરસાદ પડતા લોકો વરસાદથી ઝુમી ઉઠયા હતા. ધારી પંથકમાં પણ આજે મેઘાએ મુકામ કર્યો હતો જેમાં ધારી તથા વીરપુર, ઈંગોરાળા તથા ગીરનાં ગામડાઓમાં પણ મેઘાએ તોફાની બેટીંગ કરી હતી. આમ ચોમાસાની વિદાય વેળ ાએ પણ મેઘાએ અમરેલી જિલ્લા ઉપર હેત વરસાવતા ખેતરમાં ખેડૂતની મૌલાત પણ ખીલી ઉઠી હતી.

અમરેલી જિલ્લામાં આજે રાત્રીનાં ૮ કલાક સુધીમાં અમરેલીમાં ૩૪ મી.મી., લાઠીમાં ૧૧ મી.મી., લીલીયામાં ૧ મી.મી., ધારીમાં ૨ મી.મી., ખાંભામાં ૫ મી.મી. વરસાદ ફલડ કંટ્રોલ રૂમમાં નોંધાયો છે.

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલી ખાતે વિહિપ અને બજરંગ દળ દ્વારા

વિજયભાઈ દેસાઈ, ઉપ પ્રમુખ અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ ધર્મેન્દ્રજી ભવાની, રાષ્ટ્રીય મંત્રી વિ હિન્દુ પરિષદ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાની ટીમે શોભાયાત્રાની સફળતા બદલ ધન્યવાદ પાઠવવામાં આવેલ હતા.

શૌર્ય જાગરણ યાત્રા યાત્રા સંયોજક પ્રતાપસિંહ રાઠોડ, યાત્રા સહસંયોજક વિદુરભાઈ ડાબસરા, અમરેલી જિલ્લા વિ હિન્દુ પરિષદ અધ્યક્ષ હિતેશભાઈ મહેતા, જિલ્લા ઉપાધ્યક્ષ વિજયભાઈ દેસાઈ, જિલ્લા ઉપાધ્યક્ષ રશ્મિનભાઈ ત્રિવેદી, પંકજ ડોકટર, પંકજભાઈ ત્રિવેદી, જીગીશુભાઈ મહેતા, અનિભાઈ વાઢેર, જતીનભાઈ શેઠ, મિલનભાઈ શુકલ, બજરંગ દળ નગર સંયોજક મહાવીરભાઈ વિછીયા, સહસંયોજક કેતનભાઈ મહેતા, નાગદેવતા મંદિર મહંત હાર્દિકગીરી ગૌસ્વામી, પ્રકાશભાઈ રાજગોર, મિલનભાઈ શુકલ, અશોકભાઈ તનવાણી, સુમિતભાઈ સિંધવ, સંજયભાઈ લાખાણી કુંકાવાવ, હર્ષદભાઈ વ્યાસ લાઠી, દેવાંગભાઈ દવે લાઠી, ગજેન્દ્રભાઈ શેખવા ઉપસ્થિત રહ્યા હતા.

### પાના ૮ ઉપરનું ચાલું ધારી ખાતે આવેલ આંબરડી સફારી પાર્ક

જેવા ધોધ અને ઝરણાં પણ છે.

સમગ્ર વિમાં દર વર્ષે ૨૭ સપ્ટેમ્બરના રોજ વિ પ્રવાસન દિવસની ઉજવણી રંગેચંગે કરવામાં આવે છે. પ્રવાસન દેશના અર્થતંત્રમાં અનેક પ્રકારે યોગદાન આપે છે. પ્રવાસન થકી સ્થાનિકોને રોજગાર પણ પ્રાપ્ત થાય છે. આજે ગુજરાતમાં ગીર વન્યજીવ અભ્યારણ્ય, સ્ટેચ્યુ ઓફ યુનિટી, શિવરાજપુર બીચ સહિતના પ્રવાસન સ્થળો ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રને ચાર ચાંદ લગાવી રહ્યા છે. વર્ષ ૨૦૨૩માં સમગ્ર વિશ્વ "Tourism and Green Investment" ને પ્રોત્સાહન આપીને આર્થિક વૃદ્ધિ અને ટકાઉ વિકાસ જેવા લક્ષ્યાંકો તરફ આગળ વધી રહ્યું છે. ભારતમાં પ્રવાસન ઉદ્યોગ સતત વિકસિત થઈ રહ્યો છે.

અમરેલી જિલ્લામાં ધારી નજીક આવેલ આંબરડી સફારી પાર્ક ગુજરાતના અનેક પ્રવાસન સ્થળોમાંનું એક પ્રવાસન સ્થળ છે. આ સફારી પાર્ક સૌરાષ્ટ્રની આન, બાન અને શાન ગણાતી અને સ્થાનિક વનસ્પતિ, પ્રાણીસૃષ્ટિને ટેકો આપતી શેત્રુંજી નદીના કાંઠે અંદાજિત ૩૬૫ હેક્ટર વિસ્તારમાં પથરાયેલ છે. આ સફારી પાર્કમાં ગર્જના કરતાં ગીરના ડાલામથ્થા હાવજ (સિંહ), દીપડા, ચીંકારા, નીલગાય, ચિતલ, ગુરખ સહિતના વન્યજીવ અને પક્ષીઓ આંબરડી સફારી પાર્કની શોભામાં અભિવૃદ્ધિ કરે છે અને પ્રવાસીઓમાં આકર્ષણ જન્માવી રહ્યા છે. આ સફારી પાર્કમાં ફુડકોર્ટ, બસ સફારી, લાર્જ પાર્કિંગ એરિયા, સેનિટેશન સહિતની સુવિધાઓ પ્રવાસીઓ માટે ઉપલબ્ધ છે. દર વર્ષે ૫૦ હજારથી વધુ દેશ–વિદેશના પ્રવાસીઓ આંબરડી સફારી પાર્કની મુલાકાત લઈને ગીરની પ્રકૃત્તિનો અને સિંહ દર્શનનો આહલાદક આનંદ માણે છે. આ સફારી પાર્ક મંગળવારના સિવાયના તમામ દિવસોમાં પ્રવાસીઓ માટે ખુલ્લો રહે છે. ઓફલાઈનની સાથે ઓનલાઈન બુકિંગની પણ સુવિધા www.girlion.gujarar.gov.in પર ઉપલબ્ધ છે.

વિ સિંહ દિવસની ઉજવણીના પ્રસંગે ગુજરાત રાજયના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાસણ ગીરમાં સફારી પાર્કમાં થઈ રહેલા પ્રવાસીઓના વધારાના ભારણને ઘટાડવા માટે ગીર પૂર્વના વિસ્તાર એવા ઉના તાલુકાના નાળિયા માંડવી ખાતે નવો સફારી પાર્ક બનાવવાની જાહેરાત પણ કરી છે. દર વર્ષે સાસણ ગીરમાં સિંહ દર્શન માટે અનેક વિદેશી પ્રવાસીઓ આવી રહ્યા છે અને ગીરની પ્રકૃતિમાં રંગાઈને સિંહ દર્શનની સાથે જીવનનો ખરો આહલાદક આનંદ માણે છે.

**આલેખન : ધર્મેશ એન. વાળા**
**તસવીર : એમ.એમ.ધડુક**

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૮૫ | ૧૫૦૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૪૪ | ૧૪૫૦ |
| ૩ | શિંગદાણા | ૧૧૮૦ | ૧૭૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૩૧૭ |
| ૫ | તલ કાળા | ૧૫૦૦ | ૩૩૪૨ |
| ૬ | બાજરો | ૩૪૭ | ૪૧૨ |
| ૭ | જુવાર | ૫૧૦ | ૫૯૦ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૨૬ | ૫૮૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૮ |
| ૧૦ | મકાઈ | ૪૮૫ | ૬૦૦ |
| ૧૧ | મગ | ૧૧૪૦ | ૨૩૦૦ |
| ૧૨ | અડદ | ૧૭૦૦ | ૨૦૦૧ |
| ૧૩ | ચણા | ૮૫૦ | ૧૨૭૦ |
| ૧૪ | ચોળી | ૧૧૦૦ | ૨૩૭૦ |
| ૧૫ | તુવેર | ૧૪૦૦ | ૨૦૫૦ |
| ૧૬ | કપાસ | ૯૫૦ | ૧૫૯૧ |
| ૧૭ | એરંડા | ૧૦૦૦ | ૧૧૮૮ |
| ૧૭ | ધાણા | ૯૦૦ | ૧૩૪૦ |
| ૧૯ | અજમા | ૨૭૦૦ | ૩૨૦૦ |
| ૨૦ | મેથી | ૧૧૪૫ | ૧૨૦૦ |
| ૨૧ | સોયાબીન | ૮૩૫ | ૯૦૩ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૭૦ |
| ૨ | મગફળી | ૧૨૩૫ | ૧૩૬૫ |
| ૩ | મગ | ૧૭૬૦ | ૨૦૪૦ |
| ૪ | અડદ | ૧૫૭૫ | ૧૮૨૫ |
| ૫ | ઘઉં | ૪૪૧ | ૫૨૯ |
| ૬ | ચણા | ૯૩૨ | ૧૧૫૮ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૩૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૩૫૧ |
| ૩ | તલ સફેદ | ૩૧૨૫ | ૩૩૬૦ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૩૭૧ |
| ૫ | જીરૂ | – | ૧૧૦૧૧ |
| ૬ | કપાસ | ૧૩૫૧ | ૧૫૪૧ |
| ૭ | કપાસ નવો | ૧૨૦૦ | ૧૪૭૫ |
| ૮ | ઘઉં લોકવન | ૫૦૭ | ૫૬૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૭ | ૫૯૪ |
| ૧૦ | બાજરો | ૩૪૦ | ૪૦૦ |
| ૧૧ | જુવાર | ૬૦૪ | ૯૫૪ |
| ૧૨ | અડદ | ૧૭૦૦ | ૧૯૧૮ |
| ૧૩ | ચણા | ૧૦૭૦ | ૧૨૨૮ |
| ૧૪ | તુવેર | ૧૮૫૦ | ૨૧૫૧ |
| ૧૫ | રાજગરો | ૨૦૦૦ | ૨૧૧૧ |
| ૧૬ | સોયાબીન | ૮૫૦ | ૯૧૬ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૧૦ | ૧૫૪૫ |
| ૨ | બાજરો | ૩૭૫ | ૩૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૬૦ |
| ૨ | ચણા | ૮૦૦ | ૧૧૭૦ |
| ૩ | અડદ | ૧૬૭૦ | ૧૮૧૨ |
| ૪ | સોયાબીન | ૭૨૨ | ૯૦૩ |
| ૫ | જુવાર | ૧૦૦૭ | ૧૦૨૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૫૦ |
| ૭ | બાજરો | ૩૫૩ | ૪૧૭ |
| ૮ | મગફળી | ૮૦૫ | ૧૩૧૫ |
| ૯ | ચણા છોલે | ૨૨૫૧ | ૨૨૫૧ |
| ૧૦ | ધાણા | ૧૦૦૦ | ૧૨૨૩ |
| ૧૧ | તલ સફેદ | ૨૪૦૧ | ૩૨૩૯ |
| ૧૨ | લસણ | ૧૧૩૫ | ૧૫૦૧ |
| ૧૩ | મગ | ૧૩૯૯ | ૧૩૯૯ |
| ૧૪ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૭૪૦ |
| ૧૫ | મેથી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૧૬ | તલ ાળા | ૧૮૦૫ | ૧૮૦૫ |
| ૧૭ | એરંડા | ૯૬૨ | ૯૬૨ |
| ૧૮ | મકાઈ | ૩૧૧ | ૫૩૭ |
| ૧૯ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૫૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૦૧ |
| ૨ | મગફળી | ૧૧૫૫ | ૧૨૯૧ |
| ૩ | ઘઉં | ૪૭૬ | ૪૭૬ |
| ૪ | ચણા | ૯૭૦ | ૧૧૫૨ |
| ૫ | ધાણા | ૧૧૬૫ | ૧૧૬૫ |
| ૬ | તુવેર | ૨૦૪૦ | ૨૦૪૦ |
| ૭ | અડદ | ૧૮૩૦ | ૧૮૩૦ |
| ૮ | વાલ | ૩૩૦૧ | ૩૩૦૧ |
| ૯ | બાજરો | ૩૮૫ | ૩૮૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૮૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૩૦૦ |
| ૩ | કપાસ | ૯૯૦ | ૧૫૬૧ |
| ૪ | બાજરો | ૩૦૦ | ૪૩૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૬૨ |
| ૬ | જુવાર | ૯૦૦ | ૧૧૦૦ |
| ૭ | અડદ | ૫૦૧ | ૫૦૧ |
| ૮ | રજકાબી | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૯ | ચણા | ૧૦૯૦ | ૧૧૫૦ |
| ૧૦ | સુવા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૧૧ | એરંડી | ૧૧૧૩ | ૧૧૧૩ |
| ૧૨ | ચોળી | ૧૩૧૩ | ૧૩૧૩ |
| ૧૩ | રાય | ૧૦૯૧ | ૧૦૯૧ |
| ૧૪ | સોયાબીન | ૮૬૬ | ૯૦૦ |

# સાવરકુંડલા ખાતે વિહીપ અને બજરંગ દળ દ્વારા આયોજિત શૌર્ય જાગરણ યાત્રાનું ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયાના કાર્યાલય ખાતે સ્વાગત



હિન્દુત્વની એકતા અને અખંડિતતા માટે સદાય તત્પર સાવરકુંડલા વિહિન્દુપરિષદ અને બજરંગ દળ દ્વારા આયોજિત શૌર્યજાગરણ યાત્રાનું સાવરકુંડલા શહેરમાં આગમન થયું હતું ત્યારે અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયાના જનસેવા કાર્યાલય ખાતે ભગવાન રાઘવેન્દ્ર સરકાર રામચંદ્ર સહીત રામ દરબારનું નગરપાલિકા સદસ્ય પતિ ભુપતભાઈ પાનસુરીયા, ભાવેશભાઈ કવા, ભાજપ અગ્રણી પ્રકાશભાઈ મૈસુરીયા, સવજીભાઈ ચૂહાણ, બળવંતભાઈ મહેતા, અગ્રાવત, અશોભાઈ વેકરીયા, અનિભાઈ, લલીતભાઈ મારૂ સહિત કાર્યકર્તાઓ દ્વારા ફુલહારથી સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું આ તકે અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ધર્મ, સંસ્કૃતિ અને વિશ્વ કલ્યાણના ઉદ્દેશ્ય સાથે વિશ્વ હિંદુ પરિષદ ગુજરાત દ્વારા આજે સમગ્ર ગુજરાતમાં હિન્દુત્વની એકતા અને અખંડિતતા માટે વિશ્વ હિન્દુ પરિષદ ગુજરાત દ્વારા શૌર્યજાગરણ યાત્રાનું આયોજન હૃદયના ભાવથી નમન કરૂ છું.

### બે પોલીસકર્મી સામે પગલા લેવાની માંગ સાથે

# જસદણ : વકીલ મંડળ મંગળવારથી બે દિવસ કોર્ટ કાર્યવાહીથી દુર

### ન્યાય ન મળે ત્યાં સુધી લડતની ચીમકી



જસદણ, તા. ૨૬

જસદણ બાર એસસિએશનના તમામ વકીલો આજથી બે દિવસ કોર્ટ કાર્યવાહીથી અળગા રહી જસદણ પોલીસ મથકના બે પોલીસકર્મીઓ સામે પગલા ભરવા રજુઆત કરી હતી.

આ અંગે જસદણ બાર એસોસિએશને રજુઆતમાં જણાવ્યું છે કે જસદણ વકીલ મંડળના સભ્ય વકીલ જયદેવભાઈ એન. રાઠોડ ગત તા.૨૪ ના રોજ રાત્રીના બાર વાગ્યે પોતાની કાર લઈને શહેરના જુના બસ સ્ટેન્ડ પાસે પોતાના માતા અને અને બહેન અમદાવાદ ગયા હોય એમને તેડવા માટે એસ.ટી.ની રાહ જોઈ ઊભા રહ્યાં હોય તે સમયે જસદણ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હરેશભાઈ દેવરખીભાઈ બારૈયા અને અશોકકુમાર રતિલાલ વાવડીયા નામના બે પોલીસકર્મીઓ એડવોકેટ જયદેવભાઈને બેફામ ગાળો બોલી અને કાંઠલો પકડયો હતો.

દરમિયાન અમદાવાદથી પરત આવેલ તેમના એડવોકેટ બહેન કુ.રાજેરીબેનને મહીલા પોલીસની હાજરી વગર પોલીસ મથક લઈ ગયા હતાં ત્યાં અમારી વાત સાંભળીયા વગર પીઆઈ જાનીએ ૨૮૩ મુજબ ગુન્હો નોંધવા આદેશ આપી દેતા આ ગુન્હાની અમો કડક શબ્દોમાં વખોડી કાઢીને જયાં સુધી સાદા કપડામાં ફરજ બજાવતા બે પોલીસ કર્મચારી સામે શિક્ષાત્મક પગલા લેવામાં નહી આવે તેથી આજથી બે દિવસ જસદણ અને વીંછિયા કોર્ટ કાર્યવાહીથી અળગા રહીને અમે વિરોધ પ્રદશિત કરશું જરૂર પડયે આગામી દિવસોમાં અમો આ માંગણીને લઈને જો અમને ન્યાય ન મળે ત્યાં સુધી અમો લડત આપીશું. એમ જસદણ બાર એસોસિએશનએ જણાવ્યું છે.

# ગીર ગાયનાં છાણમાંથી શ્રી ગણેશજી ની મૂર્તિ બનાવવામાં આવી



સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલાના હનુમંત ગૌ સંવર્ધન કેન્દ્ર દ્વારા ગત વર્ષની જેમ આ વર્ષે પણ મુળ ભારતીય નેશનલની દેશી ગીર ગાય માતાનાં પવિત્ર ગોબરમાંથી શ્રી ગણેશની મૂર્તિ બનાવવામાં આવી રહી હતી. જેમાં લગભગ અંદાજિત ૫૦ જેટલી મુર્તિનું વેચાણ કરવામાં આવેલ છે. પરંતુ ગાયને પંચગ દ્રવ્યોમાંથી રોજિંગા જીવનમાં વપરાતી વિવિધ અન્ય પ્રોડકટ પણ બનાવવામાં આવે છે. અને તેનો પ્રશિક્ષણ પણ સંવર્ધન કેન્દ્રમાં નિઃશૂલ્ક આપવામાં આવે છે.

જેમાંથી દંતમંજન પંચગવ્ય નસ્ય ગોબરકંડા ગોમય તોરણ પંચગવ્યસાબુ ગોબર ગણેશ ગોબર દિપક ગોબર માળા ગોબર બરખા એમ.પી.રેડીએસન ચિપ મોબાઈલ ચીપ જેવી અનેક સાંધ્વીક ચીજ વસ્તુઓ બનાવવામાં આવે છે. અને વેચાણ કરવામાં પણ આવે છે. હનુમંત ગોસંવર્ધન કેન્દ્ર સાવરકુંડલા ખાતેથી ગીર ગાયનો મુળ ભારતીય વારસો ટકી રહેએ હેતુથી સુંદર કામગીરી કરવામાં આવે છે.

# સાવરકુંડલામાં ૧૨૫ સ્પર્ધકમાંથી ધો.૫ સનરાઈઝ સ્કુલની દીકરી ગોસાઈ પ્રિયાંશી સુલેખન સ્પર્ધામાં પ્રથમ નંબરે



સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલામાં ગણેશોત્સવ દરમિયાન સમગ્ર શહેરમાં ખૂબજ ધામધૂમ થી જબરદસ્ત આયોજન કરવામા આવ્યાં છે.જેમાં સેથી વધુ લોક આકર્ષક જો કોઈ આયોજન હોય તો તે,સદભાવના ગ્રુપ દ્વારા દર વર્ષે કરવામાં આવતું આયોજન છે. આ ગ્રુપ ની ખાસ અલગ તરી આવતી બાબત એ છે કે, તેમાં દરરોજ લોક ઉપયોગી અનેક આયોજનો જેવાકે બ્લડ કેમ્પ, બાળકો ને પ્રોત્સાહિત અને શિક્ષણ સંલગ્ન વિવિધ પ્રકારની સ્પર્ધાઓ મુખ્ય છે.આવી જ તમામ પ્રાથમિક શાળાઓનાં બાળકો વચ્ચે યોજવામાં આવેલ સૂલેખન સ્પર્ધામાં સાવરકુંડલાની તમામ શાળાઓમાંથી કુલ ૧૨૫ બાળકોએ ભાગ લીધો હતો જેમાં સનરાઈઝ સ્કૂલની ધો ૫ માં અભ્યાસ કરતી ગોસાઈ પ્રીયાંશી અજયગીરીએ ખૂબજ સુંદર અક્ષરો દ્વારા પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. વિજેતા બાળકી સાથે તેનાં માતા પિતા અને માર્ગદર્શક પ્રિયંકાબેન હરિયાણીનું સદભાવના ગ્રુપ દ્વારા ગિફટ આપી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.સનરાઈઝ સ્કૂલનાં મેનેજીંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણ હાલ ઉત્તરાખંડનાં પ્રવાસે દહેરાદૂન મુકામે ખબર મળતાં તેમણે ફોન દ્વારા આ બાળકીને અભિનદન પાઠવ્યા હતા અને સદભાવના ગ્રુપનાં રાજેશ નાગ્રેચા,દિનેશ કારીયા,પંકજ ચૌહાણ, દર્શન દેસાઈને આવી સરસ પ્રવૃત્તિ કરવાં બદલ શાબાશી આપી હતી.

### મેરી મિટ્ટી મેરા દેશ અંતર્ગત

# અમરેલીનાં વિવિધ વોર્ડમાં અમૃત કળશ યાત્રાનું આયોજન થયું

### પાલિકા પ્રમુખનાં હસ્તે યાત્રાનો શુભારંભ



અમરેલી, તા.૨૬, 'મેરી મિટ્ટી મેરા દેશ' કાર્યક્રમ અંતર્ગત અમરેલી નગરપાલિકાનાં વોર્ડ ૦૧ થી ૧૧ માં અમૃત કળશ યાત્રાનું આયોજન તા.૨૬/૦૯/૨૦૨૩નાં રોજ કરવામાં આવેલ. આ અમૃત કળશ યાત્રાનો શુભારંભ બિપીનભાઈ લીંબાણી પ્રમુખ, અમરેલી નગરપાલિકાનાં વરદ હસ્તે શુભારંભ કરવામાં આવેલ. જેમાં અમરેલી નગરપાલિકાનાં તમામ સદસ્યઓ, શહેર ભાજપ પ્રમુખ, મહામંત્રી તેમજ ટીમ,પદાધિકારીઓ, કર્મચારીઓએ હાજર રહેલ.

# ખાંભા : જે.એન. મહેતા હાઈસ્કૂલ ખાતે ગણિત/વિજ્ઞાન પ્રદર્શન મેળો યોજાયો



ખાંભા, તા.૨૬

ખાંભા જે.એન. મહેતા હાઈસ્કૂલ ખાતે વિજ્ઞાન/ગણિત પ્રદર્શન મેળો યોજાયો હતો. તેમાં રાજકીય આગેવાનો હસ્તે રીબીન કાપી મેળાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં એસ.વી.એસ.ની કુલ ૨૧ શાળાઓમાંથી ૮૦ થી વધારે વિદ્યાર્થીઓ દ્વારા પ્રોજેકટ રજૂ કરવામાં જેમાં સોલર પ્રોજેકટ પ્રાકૃતિ ખેતી વીજળીનો વેડફાટ થતો હોઈ તેનો બચાવ કઈ રીતે કરવો તેમજ બીજા અલગ અલગ પ્રકારના પ્રોજેકટ રજૂ કરવામાં આવ્યા હતા. તેમાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રોજેકટ રજૂ કરવામાં આવ્યા હતા. તે પ્રોજેકટની સમજુતા આપી હતી. આ વિજ્ઞાન મેળામાં ખાંભા સરપંચ, રાજકીય આગેવાનો તેમજ અધિકારીઓ તેમજ વિદ્યાર્થીઓ સહિત ઉપસ્થિત રહી વિજ્ઞાન મેળો નિહાળ્યો હતો.

# બગસરા રામદેવપીર મંદિરમાં રામદેવપીરની જન્મ જયંતિની ઉજવણી કરાઈ

બગસરા, તા. ૨૬

બગસરા રામદેવપીર મંદિર ખાતે બગસરામાં રામદેવપીરની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમગ્ર ગોકુળપરા વિસ્તાર સરદારચોક વગેરે વિસ્તારોમાંથી રામદેવપીરની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી અને રામદેવપીરની યુવાનો દ્વારા વેશભૂષા કરી રામદેવપીરની ઘોડે સવારી કરી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ તકે રામદેવપીર મંદિરના મહંત ઘુસા ભગત તથા આસપાસ વિસ્તારના સંતો, મહંતો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમજ આસપાસ વિસ્તારના લોકો આ શોભાયાત્રામાં જોડાયા હતા ત્યારબાદ મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જે તસવીરમાં નજરે પડે છે.



# સાવરકુંડલા : ૧૪૦૦ પરિવારોને વિનામૂલ્યે છાશ આપીને આંતરડી ઠારતો ખેતાણી પરિવાર



છેલ્લા ૬ વર્ષથી સાવરકુંડલાના ૧૪૦૦ પરિવારને વિના મુલ્યે છાશ કેન્દ્રની અવિરત સેવા ભગવાન મહાવીર સ્વામી અનુયાયી માતૃ વિમળાબેન ચંપકલાલ ખેતણી પરિવાર ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવતી હોય મુરબ્બી લલ્લુભાઈ શેઠના સાથીદાર લોક સેવક હીરાભાઈ માગિયાના સુપુત્ર પ્રફુલભાઈ માગિયા જેઓ નૂતન કેળવણી મંડળ તેમજ સાવરકુંડલા ગેશાળાના ટ્રસ્ટી અને ખેતણી પરિવારના પરમ મિત્ર જેઓ હાલ મુંબઈ છે જે સાવરકુંડલા પધારી તમામ છાશ કેન્દ્રોની મુલાકાતે લઈ અને સેવાનો અમૂલ્ય લાભ લીધો.

## દર વર્ષે ૫૦ હજારથી વધુ પ્રવાસીઓ ગીર પ્રકૃતિનો આનંદ માણે છે

# ધારી ખાતે આવેલ આંબરડી સફારી પાર્ક દેશ-વિદેશનાં પ્રવાસીઓને આકર્ષે છે

ગર્જના કરતા ગીરનાં ડાલામથા હાવજ, દીપડા સહિતનાં પશુ-પક્ષીઓ શોભામાં અભિવૃધ્ધિ કરે છે

શેત્રુંજી નદીનાં કાંઠે અંદાજે ૩૬૫ હેક્ટરમાં સફારી પાર્ક પથરાયેલો છે

પાર્કમાં ફુડકોર્ટ, બસ સફારી, લાર્જ પાર્કિંગ એરિયા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ

સફારી પાર્કથી અમરેલી જિલ્લામાં પ્રવાસન પ્રવૃત્તિ વેગવંતી બની રહી છે




અમરેલી, તા. ૨૬

ભારતમાં ગુજરાત રાજ્ય તેની આગવી શૈલી અને સંસ્કૃતિથી સૌથી અલગ ઉભરી આવતું રાજય છે. ગુજરાત પાસે હડપ્પન સંસ્કૃતિથી શરૂ કરીને આધુનિક યુગના આજ દિન સુધીનો ભવ્ય ઐતિહાસિક વારસો છે. ગુજરાતનો પ્રવાસ સિમાડાથી ક્ષિતિજના સૌંદર્યનો અનંત પરંપરાગત અને ઐતિહાસિક સાંસ્કૃતિનો સ્પર્શ કરાવે છે. ૪૫૦૦ વર્ષથી પણ વધુ સમયનો ભવ્ય ઈતિહાસ ધરાવતા ગુજરાતે અનેકવિધ સાંસ્કૃતિક સભ્યતાને પોતાના ખોળે ઉછેરી છે. આ ભવ્ય પરંપરાની સાક્ષી રૂપે ગુજરાતમાં અદ્વિતીય ઐતિહાસિક અને પુરાતત્વીય ઈમારતો આવેલી છે. ગુજરાત આ ઉપરાંત પ્રાકૃત્તિક દ્રષ્ટિએ પણ સમૃદ્ધ રાજય છે. અહીં ગાંડી ગીર અને ડાંગના જંગલો છે, જે પ્રવાસીઓને આકર્ષી રહ્યા છે, અહીં ખળખળ વહેતી નર્મદા, સાબરમતી અને તાપી જેવી પવિત્ર નદીઓ છે અને યુવા હૃદયને આહલાદક આનંદ પમાડતા ઝમઝીર

અનુસંધાન પાના ૬ ઉપર

### પોલીસ અધિક્ષકની સૂચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# બાબરાનાં ગળકોટડી ગામ નજીકથી નશીલી દવાઓની ૧૦૪૦ બોટલ ઝડપાઈ

### રૂપિયા ૧.૫૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો



અમરેલી, તા. ૨૬

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જીલ્લામાં કફ સિરપ અન્ય આયુર્વેદિક દવાઓના નામે આલ્કોહોલિક દવાઓનુ ડોકટરના પ્રિસ્ક્રિશન વગર પોતાના આર્થિક ફાયદા સારૂ ગેરકાયદેસર વેચાણ કરતા હોય આવા ઈસમો સામે કાર્યવાહિ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતુ.જે અનુસંધાને બાબરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર આર.એચ.રતનનાની સુચનાથી બાબરા તાલુકાના ગળકોટડી ગામે બસસ્ટેન્ડ પાસે રોડ ઉપર એક ફોરવ્હિલ નં.જીજે૧૬,કે ૩૮૩૯માંથી તથા શકદાર બાબરાના સ્વામીનારાયણ સોસાયટીમાં રહેતા મુળશંકરભાઈ મણીશંકરભાઈ તેરૈયાના રહેણાંક મકાનેથી Ayurvedic proprietary medicine GEREGEM ASV-ARISHTHA Contains self generated alcohol not more than ૧૧% w/ લખેલ ૪૦૦ મી.લી.ની કુલ બોટલ નંગ-૧૦૪૦ કિંમત રૂપિયા ૧,૫૬,૦૦૦ નો મુદ્દામાલ કોઈ સક્ષમ અધિકારીની પાસ પરમીટ વગર હેરફેર કરતા મળી આવતા નશાયુક્ત બોટલો એફ.એસ.એલ તથા ફુડ એન્ડ ડ્રગ્સ

અનુસંધાન પાના ૬ ઉપર

### જિલ્લા વિહિપ અને વિવિધ સમાજનાં આગેવાનો દ્વારા

# અમરેલી ખાતે વિહિપ અને બજરંગ દળ દ્વારા આયોજિત શૌર્ય જાગરણ યાત્રાનું ઉષ્માભેર સ્વાગત

### સિનીયર સિટીઝન પાર્ક ખાતે ૩૦૦ યુવાનોને ત્રિશુલ અર્પણ કરાયા



અમરેલી, તા. ૨૬

અમરેલી મુકામે વિ હિન્દુ પરિષદ અને બજરંગ દળની શૌર્ય જાગરણ યાત્રાનું અમરેલી મુકામે આગમન થયેલ. આ યાત્રાનું જેશીંગપરા શિવાજી ચોક ખાતે સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યાથી (૫૦૦) બાઈક સાથે જોરદાર સ્વયં સેવક સાથે રેલીમાં ખૂબજ મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતાં. મેઈન બજારમાંથી સિટીઝન પાર્ક ખાતે આરતી કરીને ગણપતિદાદાના દર્શન કરીને (૩૦૦) યુવાનોને ત્રિશૂળ દીક્ષા આપવામા આવેલ હતી. આ યાત્રાનું સ્વાગત અમરેલીના હોનહાર અને ગુજરાત સરકારના નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ નારણભાઈ કાછડીયા અને જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સૂતરિયા, લાઠી વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તલાવીયા, નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, સુરેશભાઈ શેખવા, મૂકેશભાઈ સંઘાણી, નગરપાલિકાની ટીમના સભ્યો અને પટેલ સમાજ, કોળી સમાજ, ભરવાડ સમાજ, બ્રહ્મ સમાજ તથા વેપારી એસોસીએશન અને આજુબાજુના ગામમાંથી પધારેલ સેવકગણે સાથે મળીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લાના બજરંગ દળના પ્રમુખ ઈતેશભાઈ મહેતા, રસિકભાઈ કંનજારિયા, સહમંત્રી સૌરાષ્ટ્ર પ્રાંત વિ હિન્દુ પરિષદ મહેશભાઈ કનજરિયા, સયોજક સૌરાષ્ટ્ર પ્રાંત બજરંગ દળ પ્રતાપસિંહ રાઠોડ, યાત્રા સંયોજક અમરેલી જિલ્લા

અનુસંધાન પાના ૬ ઉપર

મુઠ્ઠી ઉંચેરા માનવીને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ
તમે અમારા હૃદય અને વિચારોમાં હંમેશા રહેશો...

સ્વ. મનહરલાલ પ્રાણલાલ અજમેરા
(જન્મ ૧૭-૮-૧૯૫૫ / અવસાન ૦૬-૦૯-૨૦૨૩)
ગામ :- આંબરડી (જોગીદાસ) હાલ :- મુલુન્ડ, મુંબઈ
તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં, તમારા કર્મોની સુવાસ છે જીવંત અમારા શ્વાસમાં. સંદેહ તમે નથી એ સચ્ચાઈ છે પણ અસ્તિત્વમાં તમે જ છો અને હંમેશા એ જ વિશ્વાસ છે. જેમના વિચારોમાં દાન-ધર્મ અને નીતિ વસેલી હતી તેવા મુઠ્ઠી ઉંચેરા માનવીને શત શત પ્રણામ.....
પ્રાર્થના સભા : ગુરૂવાર તા. ૨૮-૯-૨૦૨૩, સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી
સ્થળ : ગિરધરભાઈ ભીમજીભાઈ પાંચાણીના નિવાસ સ્થાન
મુ. આંબરડી તા. સાવરકુંડલા જી. અમરેલી.
:: પ્રેમાળ સ્મૃતિમાં અમારી પ્રાર્થના ::
માતા-પિતા : સ્વ. પ્રભાબેન પ્રાણલાલ જગજીવનદાસ અજમેરા
પત્ની : મીનાબેન મનહરલાલ અજમેરા
પુત્ર : પિયુષ, દેવાંગ, ભાવિન
પુત્રવધુ : જયના, પ્રીતિ, સિદ્ધિ
પૌત્ર-પૌત્રી : લબ્ધી, જૈનમ, જય, વિશા
DPB GROUP
અને સમસ્ત અજમેરા પરિવારના જય જિનેન્દ્ર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

કાન નાક ગળા વિભાગ
• અમરેલી જિલ્લામાં પ્રથમવાર કાનના પડદાનું ચીરો મૂક્યા વગર ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ (Endoscopic Tympanoplasty).
• કાનના સડાનું ઓપરેશન તથા કાનની બહેરાશની તપાસ (ઓડિયોમેટ્રી).
• નાકના પડદાનું ઓપરેશન અને નાકના મસાનું દૂરબીનથી ઓપરેશન રાહતદરે કરી આપવામાં આવશે.
• ગળાની સ્વરપેટીના મસા તથા ગાંઠનું, કાકડા તેમજ એડેનોઈડ (Adenoid)ના ઓપરેશન કરી આપવામાં આવશે.
• થાઈરોઈડ ગ્રંથિના રોગોનું નિદાન તેમજ ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ.
• જીભ તેમજ અન્ય મોઢાના અને ગળાના કેન્સરનું નિદાન અને સારવાર ની સુવિધા ઉપલબ્ધ.
• એલર્જીના રોગોનું નિદાન અને સારવાર.
• ચહેરાના પેરાલીસીસ માટે નિદાન અને સારવાર.
• નાસુરનું દૂરબીનથી ઓપરેશન રાહતદરે કરી આપવામાં આવશે (ચેકો મુક્યા વગર).
• કાન -નાક -ગળા ને લગતી કોઈપણ તકલીફ માટે સારવાર રાહતદરે કરી આપવામાં આવશે.
24/7 Emergency Services
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli

Dr. Shanu B. Kher
MBBS, M.S. (ENT)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ
એન.સી.ટી કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત, ઇન્ડિયા.
ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૬૨૦
ઉપલબ્ધ સુવિધા
હેલ્થ ચેક અપ | એક્સ-રે | ઓડિયોમેટ્રી અને એન્ડોસ્કોપી સર્જરી
મેડિકલ સ્ટોર | લેબોરેટરી | 24x7 તાત્કાલિક સારવાર | એમ્બ્યુલન્સની સુવિધા
આયુષ્માન કાર્ડ અંતર્ગત મફત ઓપરેશન સુવિધા.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)